વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

મે, 2013



## ગુજરાતી સાહિત્યને દેશની તમામ ભાષામાં પ્રસિદ્ધ કરવું જોઈએ : નરેન્દ્ર મોદી



# ગીરનું હીર...




બાળક એ

# અમૂલ્ય ભેટ છે તમારા જીવનની.

# દીકરો હોય કે દીકરી,

## ખુશીથી અપનાવો. બેટી વધાવો.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.** **બેટી વધાવો**

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## વટેમાર્ગનો વિસામો એટલે વૅકેશન

કોઈ પણ ઉંમરે ગમતા શબ્દોમાંનો એક શબ્દ છેઃ વૅકેશન. અંગ્રેજી શબ્દ– Vacation સાથે જોડાયેલા અન્ય કેટલાક શબ્દો Vacancy (ખાલી જગા/સ્થાન/પદ). Vacant (ખાલી/રિક્ત) Vacant (ખાલી કરવું/છોડવું). આ તમામના અર્થની છાયા Vacation શબ્દમાં અનુભવી શકાય છે. આ એક એવો સમય વિશેષ છે કે જે આપણને આપણી બહુવિધ ગમતી–અણગમતી પ્રવૃત્તિઓમાંથી મુક્તિનો અનુભવ કરાવે છે. આ સમયે આપણે આપણું સ્થાન, આપણું પદ, આપણી જગ્યા ખાલી કરીને જવાનું છે. આપણે આપણી જાતે જ આપણી અનુપસ્થિતિ ઊભી કરવાની છે. આપણી સતત હાજરી ઘણીવાર અન્યના અને આપણા પોતાના મનમાં પણ, આપણા મહત્ત્વ વિશે સાચી–ખોટી ધારણા સર્જે છે. આવી ધારણાથી મુક્ત થવું બહુ આવશ્યક છે. આ અર્થમાં આપણા સહુને માટે આપણી વ્યસ્તતા વચ્ચે આવું વૅકેશન અગત્યનું છે, અનિવાર્ય છે. કદાચ, વિપરીત સંજોગોને લીધે આ વૅકેશન ભોગવી ન શકાતું હોય ત્યારે અનુભવતા થાક, કંટાળો અને ચીડ જોતાં વૅકેશનનો મહિમા સમજાઈ જાય છે. વૅકેશન એ એક હંગામી અનુપસ્થિતિ છે એ દરમિયાન આપણે આપણું રુટિન છોડીએ છીએ. ઘરેડમાંથી છૂટીએ છીએ. આ ફેરફાર પણ રાહત છે અને જો વૅકેશન ગમતી પ્રવૃત્તિ માટે અનુકૂળતા સર્જે તો તો એ વરદાન છે! વૅકેશન એ વટેમાર્ગનો વિસામો છે, પરબ છે, અહીં તાજા થવાય છે, ફરી દોડવા માટે, જીવવા માટે, જીવનરસ માણવા માટે. વૅકેશન બાળપણની ઝંખના છે. મોટાપણે પણ આનંદ છે. આ સમય આપણી જાત ઉપરાંત આપણા પરિવાર સાથે ગાળવા માટે છે. આ સમય સંબંધોને સુદૃઢ કરવાની તક આપે છે. અરસપરસ સંવાદની ભૂમિકા રચે છે. અંતર વચ્ચે વધતાં અંતરને ઓગાળે છે. વૅકેશનમાં જ આ બધી બાબતોનો અનુભવ થાય છે ને એમની આવશ્યકતા આપોઆપ સમજાય છે. વૅકેશન એટલે લાંબા અંતરના આરામદાયી પ્રવાસો જ માત્ર નહિ. વૅકેશન એટલે સાન્નિધ્યને આનંદવાની તક આપતી સહયાત્રા. પ્રવાસ–પર્યટનના સ્થળના સૌંદર્ય અને સગવડ પણ મહત્ત્વનાં છે પણ એને આનંદવા માટે આ સાન્નિધ્ય અત્યન્ત જરૂરી છે. આવા પ્રવાસ આયોજનો અનેક આગોતરી તૈયારી અને આકસ્મિક આવશ્યકતા સામેની સજ્જતા માંગે છે. પણ એની પ્રથમ આવશ્યકતા છે, મનની વૅકેશન અનુભવવાની તૈયારી!

આપ સૌને પણ આવું 'વૅકેશન' માણવાની શુભેચ્છા! તમામ વ્યસ્તતા વચ્ચેથી થોડીક ફુરસદ મેળવીને આપ આ સાન્નિધ્યને માણો–એનો મહિમા જાણો!..

**- સૌમિલ મુનશી**



વર્ષ:૨ / અંક: ૧૧/ મે-૧૩

તંત્રી અને સંપાદક: સૌમિલ મુનશી

પ્રકાશક: સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શક: તુષાર શુક્લ

ડિઝાઈન કન્સેપ્ટસ:
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શક: વિવેક દેસાઈ

વ્યવસ્થા: હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવ:
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાય: ગોપાલ પઢિયાર

કાર્યાલય: સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદાવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ-મેઈલ:
તંત્રી: saumilmunshi60@yahoo.co.in
પ્રકાશક: swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્ય: ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાં: ₹ ૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

મુખપૃષ્ઠ તસવીરઃ મયુર ભટ્ટ

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.)

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor -** SAUMIL PARESH MUNSHI.

## ઘરેડમાંથી બહાર આવી કંઈક નવું છતાં લોકભોગ્ય સંગીત આપનાર ત્રિપુટી

સૌમિલ, શ્યામલ અને આરતી સાથે પહેલી અથડામણ થઈ વર્ષો પહેલાં જ્યારે મારા એક મિત્રએ મને
'મેઘધનુષ'ની ભેટ આપી! અને એ પરોક્ષ અથડામણ આજે આટલાં બધાં વર્ષ દરમિયાન એક અદ્ભુત
કૌટુંબિક મૈત્રીમાં પરિણમી છે. મેઘધનુષથી માંડેલી સફર થોડા દિવસ પહેલાં મુંબઈના ટેરેસમાં ટહુકી
અને તે ઘણાં લાંબા અરસા સુધી ટહુકતી રહેશે જ એની ચોક્કસ ખાતરી છે!
પણ આજે કાગળ પર શાહીને ઊતારવાનું મન થયું તેમની પ્રવૃત્તિને બિરદાવવા માટે, ગુજરાતી
સંગીતને જોમવંત તેમજ સાંપ્રત બનાવવા માટે, 'સ્વરસેતુ'નું એક સુંદર અને સુઘડ મુખપત્ર આપવા
માટે, એક ઘરેડમાંથી બહાર આવી કંઈક નવું અને નવલું પણ છતાં લોકભોગ્ય સંગીત આપવાનો 'જુગાડ'
કરવા માટે અને ખાસ તો ઘણાં કલાકાર કસબીને પ્રેક્ષકોની ઓળખાણ અને દાદ મેળવી આપવાનો સંનિષ્ઠ
પ્રયાસ કરવા માટે... આ ત્રેલડીનો સંગીતમય અનન્ય પ્રવાસ અવિરત ચાલ્યા કરે અને તેમનાં ભાથામાંથી
અવનવા અનોખા સંગીતમય તીર નીકળ્યા કરે જે સીધા શ્રોતાના હૃદય સોંસરવા જાય એવી અભ્યર્થના
સહ!

**મિલિન્દ અંતાણી, મુંબઈ**

## માતૃભાષાની ખૂબ સુંદર સેવા કરો છો

શ્યામલભાઈ, સૌમિલભાઈ, આરતીબહેન, તુષારભાઈ અને લાલુભાઈ,
'સ્વરસેતુ'ના દરેક કાર્યક્રમ ખૂબ જ સુંદર હોય છે. આ વર્ષનો છેલ્લો કાર્યક્રમ 'ટહુકા ટેરેસના' તો જાણે કે સોનામાં સુગંધ. આવા સુંદર કાર્યક્રમો કરવા બદલ આપ સહુને ખૂબ ખૂબ અભિનંદન. સાથે દર મહિને આવતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' મૅગેઝિન ખૂબ માહિતીસભર હોય છે. આપના 'આપણું અમદાવાદ, સુરીલું અમદાવાદ' અને 'રજૂઆત' આલબમ ખૂબ સરસ છે. આપ સર્વે આપણી માતૃભાષાની ખૂબ સુંદર સેવા કરો છો. ખૂબ ખૂબ અભિનંદન સહુને.

**ભાવના સંપટ, હેમીના કાપડિયા, પારીન્દા ભાટીયા, મુંબઈ**



KIWA KA GHAR

આપના ઘર ને આપો
એક સ્ટાઈલીશ લુક...



kiwa
an ISO 9001:2008 company

Modular Kitchens | Utility Beds | Wardrobes
Dressing Tables | TV Units



Experts in Bedroom Interiors

○ ઘરે મિસ્ત્રીકામની માથાકુટમાંથી છુટકારો ○ વધુ સ્ટોરેજની સગવડ ○ ઈમ્પોર્ટેડ મશીનરી પર બનાવેલ
○ ટકાઉ – સુંદર દેખાવ – વ્યાજબી કિંમત

KIWA STUDIO

એફ–૨, લેન્ડમાર્ક એપાર્ટમેન્ટ, બેંક ઓફ મહારાષ્ટ્રની ઉપર, સહજાનંદ કોલેજની પાસે, પાંજરાપોળ ચાર રસ્તા,
આંબાવાડી, અમદાવાદ. Tel: 98240 11115, 26302520

શ્રી મધુર ઈલેક્ટ્રોનિક્સ, મણીનગર ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ. Tel: 079 25451941


www.kiwamodular.com



▲ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# ચિરંતન પ્રવાસી

કોઈ ભૌગોલિક ભાગલા મને નડ્યા નથી. મેં બધા દેશને એકસરખા ચાહ્યા છે. બધા જ અક્ષાંશ-રેખાંશ મારી ભીતર મારી નાડીઓની જેમ ધબકે છે. આવા એક વિશિષ્ટ અનુભવમાંથી આ ગઝલ લખાઈ છે, આ ગઝલ 'હું જીવું છું. ચાહે સ્મરણોમાં જીવી લઉં કે ચાહે ટીવીના દશ્યો જોતાં જીવી લઉં...



આંખ મીચું ને પછી દેખાય ત્યાંના શહેર સઘળા,
આ ગલીમાં પગ મૂકું સમજાય ત્યાંનાં શહેર સઘળા.

માણસોના મન અહીં કે ત્યાં રહ્યા સરખા, બધે પણ,
આ કયા દિલથી સહજ જોડાય ત્યાંનાં શહેર સઘળા.

એકસરખો ક્યાં રહે છે મૂડ બદલાતો પળેપળ,
મૂડની સાથે જ બદલાઈ જાય ત્યાંનાં શહેર સઘળા.

કોઈ જન્મે ત્યાં હશે પંખી બની માળાય બાંધ્યા,
શ્વાસમાં ટહુકા લઈ છલકાય ત્યાંનાં શહેર સઘળા.

આ કયું ખેંચાણ ખેંચે છે જતાં રહેવા નિરંતર,
દેહમાં મિસ્કીન બેઠા થાય ત્યાંનાં શહેર સઘળા.

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આ કયા દેશનાં શહેરોની વાત હશે? સ્વિટ્ઝૅરલેન્ડ, અમેરિકા, ભારત, લંડન... આ કયા દેશનાં શહેરો છે ? કોઈ Migrate થયેલાં વ્યક્તિની વાત છે ? પેલું અમેરિકાનું ઘેલું લાગ્યું હોય અને એ પછીની ઝંખનામાંથી જાગેલી વાત છે? ના, મારી ગઝલોમાંથી જેને જે અર્થ સમજાય તે. પણ આ ગઝલ પાછળની જે અંગત વાત છે એ અહીં કહેવાનું મન થાય છે.

**હશું કોઈ કાળે ઘુમ્યા સર્વ ખંડે,**
**જગાએ જગાનું સ્મરણ ઝાંખુંપાંખું**

વિશ્વમાં કેટકેટલું ફર્યો છું? અમદાવાદની ગલીએ ગલી અને પોળેપોળમાં ફર્યો છું. ગુજરાતના ગામડે ગામડે ગયો છું. ભારતનાં ઘણાં રાજ્યોમાં ફર્યો છું. દુનિયાના ઘણા દેશોમાં ગયો છું. જ્યાં ગયો છું ત્યાં એક જ અનુભવ થયો છે. જાણે વર્ષો પછી હું મારા વતનમાં પાછો ફર્યો હોઉં. રશિયામાં ટર્વર નામના શહેરમાં ૧૫ દિવસ રહ્યો છું. એ દિવસોમાં મોસ્કો કે સેન્ટ પીટર્સબર્ગ ગયો છું તો કોઈ પારકા દેશમાં આવ્યો હોઉં એવું લાગ્યું નથી. અને સેન્ટ પીટર્સબર્ગમાં મને જોઈને ત્યાં પૈસા માગતા ભિખારીઓના બૅન્ડવાળાએ 'જન ગણ મન...' રાષ્ટ્રગીત વગાડ્યું છે ત્યારે ઉદાર થઈને ખિસ્સામાં રહેલાં બધાં રૂબલ આપી દેતાં આંખ ભીની પણ થઈ ગઈ છે. કર્ણાટકનાં જંગલોમાં કોલૂરથી લઈને હોર્નાડો સુધી ફરું છું અને હું મને ત્યાંનો આદિવાસી જ લાગ્યો છું. ગુજરાતના કોઈપણ ગામડામાં પ્રવેશું છું અને ત્યાંની માટીની મિઠ્ઠી સુંગંધ મને ઘેરી વળે છે. અને જાણે જન્મોનો જૂનો નાતો હોય તેમ શ્વાસ ભરી લઉં છું.

હમણાં જ બે દિવસ માટે જૂનાગઢ જવાનું થયું. અને બંને દિવસ તળેટીમાં આવેલી રૂપાયતનમાં જઈ ગિરનારને ધરાઈ ધરાઈને જોઈ લીધો. મેં ગિરનારને એ જ રીતે જોયો છે જે રીતે હું મારા પિતાજીની છબીને જોઉં છું. થોડા દિવસ પહેલાં શિકાગો રહેતા દ્વિજેનની સાથે Web cam દ્વારા વાત કરી ત્યારે તેના ઘરના ઓરડા, ઘરની આગળ–પાછળના રસ્તાઓ અને બગીચામાં ઊગેલાં ફૂલઝાડ પણ જોઈ લીધા. ધંધૂકા તાલુકાના ભડિયાદ ગામના સુકાતા જતા તળાવને જોઉં છું અને જેટલું પોતાપણું લાગે છે એટલું જ પોતાપણું અસ્ખલિત, ધસમસતા નાયગ્રા ધોધને જોઈને લાગે છે. કોઈક જન્મે પક્ષી બનીને આ પૃથ્વીના દરેક વૃક્ષો ઉપર કદાચ માળો બાંધીને રહ્યો હોઈશ અને એટલા માટે જ આ ગઝલની રદીફ 'ત્યાંના શહેર સઘળાં' એ છે. ત્યાં એટલે આ પૃથ્વી ઉપરનો પ્રત્યેક ખંડ, પ્રત્યેક દેશ અને શહેર એટલે નાનકડામાં નાનકડું ગામડું પણ.

**દુનિયાના ઘણા દેશોમાં ગયો છું. જ્યાં ગયો છું ત્યાં એક જ અનુભવ થયો છે. જાણે વર્ષો પછી હું મારા વતનમાં પાછો ફર્યો હોઉં.**

બોસ્ટનની હાર્વર્ડ યુનિવર્સિટી અને અમદાવાદના ફતેપુરની મ્યુનિસિપલ શાળા મને સરખાં જ ખેંચે છે. અમદાવાદની નાનકડા ગાંધીગ્રામ સ્ટેશને જેટલી મુગ્ધતાથી બેઠો છું એટલી મુગ્ધતાથી રશિયાના મૉસ્કોની પાંચ માળ ઊંડા રેલવે પ્લેટફૉર્મ ઉપર પણ બેઠો છું અને આ બધું જોયા પછી જ હવે કંઈક કંઈક ગામ, નગર, શહેર, મહાનગર બધું સમજાય છે. મારા શહેરની નાનકડી ગલીમાં પગ મૂકું છું ત્યારે ૨૪ કલાક જાગતા ન્યૂયોર્કના રસ્તાઓનું ગણિત મને સમજાય છે. અમદાવાદ હોય કે અમેરિકા, માણસના મન બધે જ એકસરખાં હોય છે. કાગડા બધે જ કાળા હોય છે. અને છતાંય કોઈક ઋણાનુબંધ, કોઈક લાગણી એવી હોય છે કે તે આ બધાં શહેરોની સાથે, આ બધાં સ્થળોની સાથે દિલથી જોડી આપે છે.

આખી રાત સૂર્ય ઊગેલો જ રહે, અંધારું થાય જ નહીં, રાત પડે જ નહીં એ વિચાર આવે છે અને યાદ આવી જાય છે રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં ગાળેલી બેલીનોચવાળી રાતો. અમદાવાદની અસહ્ય ગરમીમાં શેકાતો હોઉં છું ત્યારે ઠંડો પવન અડકે છે અને અનુભવું છું ભારતના જ એક ખૂણે ચિકમંગલૂરમાં ભરઉનાળે અનુભવેલી ઠંડકને. શિયાળામાં પણ ઘરનું પાણી ભરવા માટે ગાંફ, પચ્છમ જેવાં ગામોમાં બહેનોને બપોર સુધી મથામણ કરતી મેં જોઈ છે. અને અખૂટ જળરાશિથી સતત પડતો નાયગ્રાનો ધોધ પણ જોયો છે.

કોઈ અજાણ્યા બાળકને પરદેશમાં તમારે બોલાવતાં પહેલાં પણ વિચાર કરવો પડે. સ્પર્શાય તો નહીં જ. ભારતમાં સાવ અજાણ્યાની સાથે પણ તમે થોડીકવારમાં જ વર્ષોથી ઓળખતા હો એટલા સહજ બની શકો છો. ક્યાંકની સ્વચ્છતા સ્પર્શી ગઈ છે, તો ક્યાંક શ્રદ્ધા પાસે ઝૂકી ગયો છું. મજા એ છે કે હું મારા એકાંતમાં મારા બદલાતા મૂડને જોયા કરું છું અને મારા બદલાતા મૂડ સાથે વિશ્વના દેશોને મારા હૃદયનો હિસ્સો બનીને હું ધબકતા જોઉં છું.

કોઈ ભૌગોલિક ભાગલા મને નડ્યા નથી. મેં બધા દેશને એકસરખા ચાહ્યા છે. બધા જ અક્ષાંશ–રેખાંશ મારી ભીતર મારી નાડીઓની જેમ ધબકે છે. આવા એક વિશિષ્ટ અનુભવમાંથી આ ગઝલ લખાઈ છે, આ ગઝલ 'હું જીવું છું. ચાહે સ્મરણોમાં જીવી લઉં કે ચાહે ટીવીના દશ્યો જોતાં જીવી લઉં.' □



નંદિની ત્રિવેદી

# આલાગ્રાન્ડ એરિઝોના અને ગ્રેટ વન્ડર ગ્રાન્ડ કેન્યન!

ગ્રાન્ડ કેન્યનનો ભવ્ય નજારો સાચે જ નિઃશબ્દ કરી દેનારો હતો. કંઈ બોલવાની વાતચીત કરવાની ઈચ્છા જ ન થાય. એમ જ વિચાર આવે કે કુદરતની આ અપાર લીલાને માણ્યા જ કરીએ. પ્રવાસની આવી અનુભૂતિ છે લેખિકા નંદિની ત્રિવેદીની. ગ્રાન્ડ કેન્યનના પ્રવાસનું 'ભાથું' તેઓ 'સ્વરસેતુ' સમક્ષ ખોલે છે... તેમના જ શબ્દોમાં ગ્રાન્ડ કેન્યનની લટાર લગાવીએ...



સ્કાયવૉક પર ઊભા રહીને તમે ગ્રાન્ડ કેન્યન જુઓ તો જાણે ખીણની બરાબર વચ્ચે આકાશમાં અદ્ધર ઊભા હો એવો અવિસ્મરણીય અનુભવ થાય.

વેઈટ અ મિનિટ, આંખ બંધ કરો અને અમેરિકાના એરિઝોના વિશે વિચારો. તમને શું દેખાય છે? જો તમે ઈતિહાસના ચાહક અને જાણકાર હશો તો શક્ય છે તમારાં મનમાં સૌથી પહેલાં તો કાઉબોય્ઝ, રણપ્રદેશ, સેડોના ડેઝર્ટ અને ગ્રાન્ડ કેન્યન જ આવશે. કાઉબોય્ઝ હવે તો બહુ ઓછા થઈ ગયા છે. છતાં, રડ્યા-ખડ્યા ત્યાં જોવા મળે. એ ય પાછાં કેડીઓ પર ઢોર ચરાવતી નહીં, શહેરોની મૉડર્ન ગેસ્ટ રાન્ચ પર સફાઈદાર સહાયક તરીકે જોવા મળે. મૂળ દેશી અમેરિકન્સ, પહેલાંવહેલાં એરીઝોનન્સ, હવે બહુ ઓછા રહ્યા છે. પરંતુ, રાષ્ટ્રીય સ્મારકો, ટ્રાઈબલ પાર્ક અને હિસ્ટોરિક સાઈટ્સે તેમનાં પારંપારિક રીત-રિવાજો અને આર્ટ-ક્રાફ્ટને જાળવી રાખ્યાં છે. રેતી અને પથ્થરને કુદરતી રીતે બનેલા આકર્ષક-કલાત્મક ખડકો આજે ય જોવા મળે પરંતુ, શહેરો વિસ્તરતાં અમુક

મૂળ ભાગ નષ્ટ પણ થયો છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં છેલ્લે ઉમેરાયેલા ૪૮મા રાજ્ય એરિઝોનાનાં મેદાનમાંથી હવે વેગન ટ્રેન પસાર થતી નથી. સાહસો હવે હાઈકિંગ, ટ્રેકિંગ અને ફોર વ્હીલર ડ્રાઈવ દ્વારા થાય છે. અને એરિઝોનાની સર્વશ્રેષ્ઠ જગ્યા તો ગ્રાન્ડ કેન્યન સિવાય બીજી કોઈ હોઈ શકે? કોલોરાડો નદીએ જેમને કલાત્મક રીતે કંડાર્યા છે એ કેન્યન લગભગ ૬,૦૦૦ ફૂટની ઊંડાઇએ અને ૨૯ કિ.મી.ની વિશાળ રેન્જમાં પથરાયેલાં છે. આખો પાર્ક ૨૭૭ માઈલ્સ સુધી વિસ્તરેલો છે. કહેવાય છે કે, બે અબજ વર્ષ પહેલાં પૃથ્વી પર થયેલી ઊથલપાથલને કારણે કોલોરાડો નદી એક પછી એક ખડકો કાપતી ગઈ અને વર્ષો પછી એ ખવાણ થયેલા લેયર્સ તથા રૉક્સ એવા અદ્‌ભુત રીતે ગોઠવાઈ ગયા કે વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન પામ્યાં. હજારો વર્ષ સુધી આ વિસ્તાર નેટિવ અમેરિકન્સનું રહેઠાણ જ હતો અને કેટલાય મૂળ અમેરિકન્સ કેન્યનમાં જ ગુફા બનાવીને રહેતા હતા. પરંતુ, ૧૫૪૦માં પેહલાવહેલા યુરોપિયન સ્પેનના ગ્રેશિયા લોપેઝ દ કાર્ડેનસે ગ્રાન્ડ કેન્યનની ભવ્યતા નિહાળી અને દુનિયાને આ અજોડ સ્થાનથી પરિચિત કરાવી. જે સ્થળે વિશ્વભરમાંથી દર વર્ષે અંદાજે પચાસ લાખ લોકો આવે છે ને એની ભવ્યતા જોઈને સાવ મૌન–નિઃશબ્દ–અવાક્ થઈને પાછા ફરે છે એવા ગ્રાન્ડ કેન્યન નેશનલ પાર્કને સાઉથ રિમ અને નૉર્થ રિમ બન્ને તરફથી જોઈ શકાય છે. ગ્રાન્ડ કેન્યન વિલેજથી તમે જર્ની શરૂ કરી શકો. સાઉથ રિમ એ વેલ મેઈન્ટેઈન્ડ, વિશાળ દૃશ્યાવલિ પૂરી પાડતી હોવાથી અને ખાસ તો લાસ વેગસથી પાછાં ફરતાં અમારા રસ્તામાં જ આવતી હોવાથી અમે સાઉથ રિમથી ગ્રાન્ડ કેન્યન જોવાનું નક્કી કર્યું હતું. જેમની પાસે પોતાની પ્રાઈવેટ કાર ન હોય તેમને માટે શટલ સર્વિસ પણ છે. હર્મિટ રોડથી શરૂ થતી આ રિમ ટ્રેઈલ ૧૬ માઈલની રાઉન્ડ ટ્રિપ કરાવે અને આઠ મુખ્ય વ્યુ પૉઈન્ટ્સ બતાવે. મોટર કોચ ટુરમાં તમને એસ્કોર્ટ સાથે કેન્યનની આભા જોવા–જાણવા મળી શકે. નેશનલ પાર્કમાં સ્નૅક બાર, કૉફી હાઉસ અને રેસ્ટોરાં પણ હોય છે. પણ આપણા ગુજરાતીઓ તો ઘરેથી નાસ્તા લઈ જવામાં પાવરધા ને! કોઈપણ ટ્રિપ શરૂ કરતાં પહેલાં અડધો કલાક તો નાસ્તા, જ્યુસીઝ, સોફ્ટ ડ્રિન્ક્સ ડિકીમાં લોડ કરતાં જ થાય! એની મઝા ય પાછી જુદી. અમારા યજમાન વિક્રમભાઈ–પારુલે મને ભાવતી થાઈ ટી અને કોકોનટ ડ્રિન્કના એટલાં બધાં ટિન લીધાં હતાં કે ત્રણ દિવસ હરી–ફરીને પાછાં આવ્યાં તોય બચ્યાં'તાં!

ગ્રાન્ડ કેન્યન નેશનલ પાર્કના સરસ મજાના સપાટ–લિસ્સા રસ્તાઓ



ગ્રાન્ડ કેન્યનની અંદર છેક નીચે એક આખું નવું વિશ્વ જ જાણે રાહ જોઈ રહ્યું હોય છે.



સૂર્યોદય અને સૂર્યાસ્ત બન્ને સમયે ગ્રાન્ડ કેન્યનનું સૌંદર્ય નિહાળ્યું હતું. સાંજે ઢળતા સૂરજની સાખે ગ્રાન્ડ કેન્યનના બદલાતા રંગ જોઈને ત્યાંથી ખસવાનું જ મન નહોતું થતું.

પરથી અમારી કાર પસાર થઈ રહી હતી. ચોતરફ ગ્રાન્ડ કેન્યનનો જે ભવ્યાતિભવ્ય નજારો જોવા મળતો હતો એ સાચે જ નિઃશબ્દ કરી દેનારો હતો. કંઈ બોલવાની, વાતચીત કરવાની ઈચ્છા જ ન થાય. બસ, એમ જ વિચાર આવે કે કુદરતની આ અપાર લીલાને મન ભરીને આપણી નાની આંખમાં જેટલી સમાવાય એટલી સમાવી લઈએ. વિશાળ કેન્વાસમાં કુદરતે એક એકથી ચડિયાતા રંગો ભર્યા હોવાથી શ્વાસ થંભાવી દે એવો સુખદ અનુભવ તો ડગલે ને પગલે થતો. દરેક જગ્યાએ એમ થાય કે અરે, અહીં કાર થોભાવીએ અને દૃશ્ય આંખમાં ભરી લઈએ. ગ્રાન્ડ કેન્યન પર સૂર્યોદય સમયે દેખાતા રંગોની છટા દિવસ ચડતા એવી અદ્દભુત રીતે બદલાતી કે એનું વર્ણન થઈ જ ન શકે. લાલ-પીળો-ગુલાબી-જાંબલી રંગ મિનિટોમાં બદલાઈ જતા હતા. કેન્યનના પેટાળમાં સૂર્યપ્રકાશ સાથે નિરભ્ર નીલવર્ણા આકાશનું, તેમાં તરી રહેલા વાદળનું પ્રતિબિંબ જે ઝિલાતું એનું સૌંદર્ય પણ અવર્ણનીય જ. વિચાર આવ્યો કે પાષાણ પર જો અનુભૂતિ કે બનાવો કોતરી શકાતા હોત તો? લગભગ ૪,૪૬૦ ફૂટ ઊંડે આવેલી અમેરિકાની સૌથી મોટી નદી કોલોરાડો રિવર ઉપરથી તો માત્ર સાપોલિયા જેવી જ દેખાતી! એમાં ય ત્યાં અમે શિવ અને વિષ્ણુના નામનાં મંદિરના શિખર આકારનાં શિવ અને વિષ્ણુ કેન્યન્સ જોયાં ત્યારે તો આશ્ચર્યની પરિસીમા આવી ગઈ હતી. મનોમન શંકરાચાર્યનું આત્મષટ્કમ યાદ આવી ગયું જેનો મારા પપ્પા(સુપ્રસિદ્ધ સાહિત્યકાર-લેખક જયન્ત પંડ્યા)એ ગુજરાતી અનુવાદ કર્યો છે : નિરાકાર છું હું અને નિર્વિકલ્પ, વિભુ છું, સદા વ્યાપ્ત સર્વત્ર છું હું, રહું છું સમત્વે, નથી બંધ મુક્તિ, ચિદાનંદ રૂપે શિવોહમ્ શિવોહમ્!



કેન્યનના પેટાળમાં સૂર્યપ્રકાશ સાથે નિરભ્ર નીલવર્ણા આકાશનું, તેમાં તરી રહેલા વાદળનું પ્રતિબિંબ જે ઝિલાતું એનું સૌંદર્ય પણ અવર્ણનીય જ.

નજર સ્થિર થઈ હતી ત્યાં જ, અને પગ પણ. કોઈપણ પ્રકારના મેડિટેશન વિના ચિત્તમાં અપાર શાંતિ હતી. અવર્ણનીય અનુભૂતિ. ગ્રાન્ડ કેન્યન ઈઝ બીયોન્ડ ઈમેજિનેશન!

જે લોકો સાહસિક છે તેમને માટે તો ગ્રાન્ડ કેન્યનની અંદર છેક નીચે એક આખું નવું વિશ્વ જ જાણે રાહ જોઈ રહ્યું હોય છે. ૧૮૯૦ માં સ્થપાયેલી બ્રાઈટ એન્જલ ટ્રેઈલ ગ્રાન્ડ કેન્યનનો પહેલવહેલો હાઈકિંગ પાથ છે. એક દિવસના હાઈકિંગથી તમે શરૂઆત કરી શકો. કેટલાક સાહસિકો તો કેન્યનની છેક નીચે જઈને કેમ્પિંગ પણ કરે છે ને રાફ્ટિંગના દિલધડક અનુભવ પણ લે છે. બહુ હિંમત જોઈએ એ અનુભવ લેવા માટે. કેમ્પિંગ કે હાઈકિંગ માટે ગ્રાન્ડ કેન્યન નેશનલ પાર્કની આગોતરી પરવાનગી લેવી પડે છે અને રિઝર્વેશન પણ કરાવવું પડે. કેન્યનની અંદર એરપ્લેન ટુર અને હેલિકૉપ્ટર રાઈડનો અનુભવ પણ લેવા જેવો છે. આખા કેન્યનમાં છેક નીચે કોલોરાડો રિવર સુધી હેલિકૉપ્ટર રાઈડનો અનુભવ પણ લેવા જેવો છે. આખા કેન્યનમાં છેક નીચે કોલોરાડો રિવર સુધી હેલિકૉપ્ટર તમને લઈ જાય. ત્યાંની જીવસૃષ્ટિ અને કેન્યનના લેયર્સને નજીકથી જોવાનો લહાવો મળે એ તમે જિંદગીભર ભૂલી ન શકો. નેશનલ

**કોલોરાડો નદીએ જેમને કલાત્મક રીતે કંડાર્યા છે એ કેન્યન લગભગ ૬,૦૦૦ ફૂટની ઊંડાઈએ અને ૨૯ કિ.મી.ની વિશાળ રેન્જમાં પથરાયેલાં છે. આખો પાર્ક ૨૭૭ માઈલ્સ સુધી વિસ્તરેલો છે. કહેવાય છે કે બે અબજ વર્ષ પહેલાં પૃથ્વી પર થયેલી ઊથલપાથલને કારણે કોલોરાડો નદી એક પછી એક ખડકો કાપતી ગઈ અને વર્ષો પછી એ ખવાણ થયેલા લેયર્સ તથા રૉક્સ એવા અદ્દભુત રીતે ગોઠવાઈ ગયા કે વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન પામ્યાં.**

જ્યોગ્રાફિક વિઝિટર સેન્ટર અને આઇમેક્સ થિયેટરમાં બતાવાતી ગ્રાન્ડ કેન્યનની ફિલ્મ જોવાનું તો જરાય ચુકાય નહીં. સાત માળ જેટલો ઊંચો, વિશાળ સ્ક્રીન અને સિક્સ ટ્રેક સાઉન્ડ સિસ્ટમ ધરાવતા આ થિયેટરમાં 'ગ્રાન્ડ કેન્યન આઇમેક્સ મૂવી' દર્શાવાય છે. ગ્રાન્ડ કેન્યનના ઇતિહાસ અને અફાટ સૌંદર્ય સાથે રસપ્રદ ભૌગોલિક માહિતી આપતી આ ફિલ્મમાં એટલું બધું બારીકાઇથી વર્ણન છે જે તમે આખી ગ્રાન્ડ કેન્યન ટુર દરમિયાન જોયું કે જાણ્યું ન હોય. એક કલાકની આ ફિલ્મ દિવસ દરમિયાન દર અડધા કલાકે બતાવાય છે. કેન્યન ટુર પૂરી થયા પછી અમે એ ફિલ્મ જોઇ એટલે વળી પાછું ગ્રાન્ડ કેન્યન એક શો રીલની જેમ પસાર થઈ ગયો હતો આંખ સામેથી. થ્રી ડીને કારણે તો તમે કેન્યનમાં વિહરવાનો સાક્ષાત્ અનુભવ કરતાં હો એમ જ લાગે. છેક પાતાળની કોલોરાડો નદીને સ્પર્શીને, વળી પાછા કેન્યનની ટોચ પર તમે પહોંચી જાઓ અને પાણીનાં છાંટા ય ઊડે. આજે પણ એ ફિલ્મ નજર સમક્ષ આવે તો રોમાંચિત થઈ જવાય એવું જબરજસ્ત થ્રી ડી મૂવી હતું એ. હેલિકોપ્ટર રાઇડનો ડર લાગતો હોય તો આ મૂવી દ્વારા તમે આખા ગ્રાન્ડ કેન્યનની સાહસિક સફર થિયેટરની પોચી પોચી સીટ પર બેસીને જ આરામથી કરી શકો. ને પાછી થ્રી ડી ફિલ્મ હોવાથી કેન્યનની અંદર જ છીએ એવો રોમાંચક અનુભવ થાય એ જુદો.



કેટલાક સાહસિકો તો કેન્યનની છેક નીચે જઇને કેમ્પિંગ પણ કરે છે ને રાફ્ટિંગના દિલધડક અનુભવ પણ લે છે.

સાઉથ રિમ કરતાં પ્રમાણમાં ઓછી એક્સપ્લોર થયેલી રિમ છે નોર્થ રિમ. સાઉથ રિમ કરતાં ઓછી વિકસિત આ રિમનું મુખ્ય આકર્ષણ છે સ્કાયવૉક પર ઊભા રહીને તમે ગ્રાન્ડ કેન્યન જુઓ તો જાણે ખીણની બરાબર વચ્ચે આકાશમાં અધ્ધર ઊભા હો એવો અવિસ્મરણીય અનુભવ થાય. સાઉથ રિમથી નોર્થ રિમ જતાં ૨૧૫ માઇલનું અંતર કાપવું પડે. તેથી તમે એક દિવસમાં આ બન્ને રિમ ન કરી શકો. વર્ષોથી માત્ર સાઉથ રિમ તરફથી જ જોવાતાં ગ્રાન્ડ કેન્યનને વધુ નજીકથી અને સ્કાયવૉક પરથી જોવાની તક થોડાંક વર્ષોથી નોર્થ રિમે પૂરી પાડી છે. દરિયાઈ સપાટીથી ૪૭૭૧ ફૂટ ઊંચે આવેલા પહાડના શિખરે, જ્યાં પહાડની કિનાર જ આવી જાય ત્યાં ખીણની ઉપર ઘોડાની નાળના આકારનો આ સ્કાયવૉક બનાવ્યો છે. એની ઉપર ચાલવાનો રોમાંચ કેવો ખબર છે? આપણા પગ નીચે અગાધ ઊંડી ખીણ અને વચ્ચે ખળખળ વહેતી કોલોરાડો. આ વૉક વેને વધુ થ્રિલિંગ બનાવવા એના તળિયે પારદર્શક કાચ બેસાડવામાં આવ્યા છે. એટલે આપણને રીતસર એમ જ લાગે કે જાણે આપણે હવામાં ચાલી રહ્યાં છીએ. કહેવાય છે કે આ સ્કાયવૉક એટલો મજબૂત છે કે એના પર આખું એક બોઇંગ ૭૪૭ વિમાન લેન્ડ થાય તોય એને કશું ન થાય. અરે, એની આસપાસના ૭૦-૮૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં ધરતીકંપ આવે તોય એનો કાંગરો ન ખરે. જઈ શકો તો આ સ્કાયવૉકનો અનુભવ તો લેવો જ જોઈએ. સેડોના ઓક ક્રીક કેન્યન જે મોટાભાગના પ્રવાસીઓને ખબર જ નથી, એ પણ બેમિસાલ જોવાલાયક સ્થળ છે એરિઝોનાનું.

ગ્રાન્ડ કેન્યનની ઉનાળાની સમર ટ્રેલ્સ શિયાળામાં સ્કિઇંગ ડેસ્ટિનેશન બની જાય છે. વિશાળ સ્નોબાઉલમાં સ્કીઇંગ કરવાની મજા પણ કેવી સુહાવની! પાંત્રીસ માઈલ સુધી વિસ્તરેલા સુંવાળા રસ્તાઓ પર ઠેકઠેકાણે તમને કેન્યનનાં સ્પેક્ટેક્યુલર વ્યૂ જોવા મળે છે. કેન્યન વ્યૂ ઇન્ફર્મેશન પ્લાઝા પહોંચવા માટે ગ્રાન્ડ કેન્યન વિલેજથી શટલ બસ સર્વિસ દ્વારા ફ્રીમાં તમે પહોંચી શકો છો.

એમાં ગ્રાન્ડ કેન્યનને વ્યવસ્થિત જોવાનો ઓબ્ઝર્વેશન પૉઇન્ટ તથા એને લગતી સામગ્રીનું પ્રદર્શન હોય છે. હિન્દી ફિલ્મ 'જિન્સ'ના એક ગીત 'હાય રે હાય રે હાય રબ્બા' માં વેલી ઑફ ફાયર અને ગ્રાન્ડ કેન્યન સુંદર કંડારાયાં છે. ગુરિન્દર ચક્ઢાની રોમૅન્ટિક મ્યુઝિકલ ફિલ્મ 'બ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડીસ'ના એક ગીતમાં અને ઐશ્વર્યા–અનિલ કપૂર અભિનીત 'હમારા દિલ આપ કે પાસ હૈ'નાં ગીત 'શુક્રિયા શુક્રિયા મેરે પિયા, જિતને સોચે ખ્વાબ થે, સબ કો જગા દિયા...' માં પણ વિશ્વની આ સાતમી અજાયબી દર્શાવાઈ છે. અંગ્રેજી ફિલ્મો ઇન ટુ ધ વાઇલ્ડ, ધ થીફ ઑફ બગદાદ, ટ્રાન્સફોર્મર્સ, વેકિંગ અપ ઇન રીનોએ ગ્રાન્ડ કેન્યનને વાઇડ ઍંગલમાં પ્રદર્શિત કર્યું છે.

અમે સૂર્યોદય અને સૂર્યાસ્ત બન્ને સમયે ગ્રાન્ડ કેન્યનનું સૌંદર્ય નિહાળ્યું હતું. સાંજે ઢળતા સૂરજની સાખે ગ્રાન્ડ કેન્યનના બદલાતા રંગ જોઈને ત્યાંથી ખસવાનું જ મન નહોતું થતું. સૂર્યાસ્તના છેલ્લાં પારજાંબલી કિરણોની રંગછટાઓના જાદુથી હજુ તો અમે મુક્ત થયાં નહોતાં ત્યાં તો આકાશમાં બીજી બાજુએ ચાંદ દેખાયો. ઓ માય ગોડ! વૉટ અ વન્ડરફૂલ સાઇટ ઇટ વોઝ! એક બાજુ ગુલાબી–જાંબલી રંગના ગ્રાન્ડ કેન્યનની ભવ્યતા અને બીજી બાજુ પૂનમનો ચમકીલો પૂર્ણ ચંદ્ર. ગુલઝાર સાહેબે આવી જ કોઈક પળે આ નાજુક પંક્તિઓ લખી હશે : 'કોસા કોસા લગતા હૈ, તેરા ભરોસા લગતા હૈ, રાત ને અપની થાલી મેં ચાંદ પરોસા લગતા હૈ!' સાચે જ, એ વખતે મુંબઈના બધા જ મિત્રો અને અંગત સ્વજનોને યાદ કર્યા હતા આ અદ્દભુત દશ્યના સાક્ષી બનાવવા માટે, જ્યાં સુખ હોય ત્યાં બધાના વિચાર દે એ ન્યાયે, ને પછી ચંદ્રના રૂપેરી ચાંદરણાને અનુભૂતિની એ



કોલોરાડો રિવર ઉપરથી તો માત્ર સાપોલિયા જેવી જ દેખાતી! એમાંય ત્યાં અમે શિવ અને વિષ્ણુના નામનાં મંદિરના શિખર આકારનાં શિવ અને વિષ્ણુ કેન્યન્સ જોયાં ત્યારે તો આશ્ચર્યની પરિસીમા આવી ગઈ હતી.

અમૂલ્ય ક્ષણોને વીંટાળીને સોંપી દીધી– કદાચ ફરી જવાનું થાય તો મને એ પાછી આપશે એમ વિચારીને, ને સૂરજ ઢળતાં જ નેવાડા સ્ટેટના અમે ઊતર્યા હતા એ કસીનો તરફ કાર હંકારી મૂકી. ગ્રાન્ડ કેન્યનનું દશ્ય દિવસો સુધી ભુલાતું નહોતું.

**માઇસલસ્ટોનઃ** તમારી પાસે સમય હોય તો યુટાહ સ્ટેટમાં આવેલાં બ્રાઇસ કેન્યન અને ઝાયન કેન્યન પણ જોવાનું ચૂકતા નહીં. ગ્રાન્ડ કેન્યન જેવો જ અદ્દભુત છતાં એનાથી તદ્દન જુદો જ અનુભવ આ બન્ને કેન્યન પર પણ થશે. ગ્રાન્ડ કેન્યનમાં તમે ઉપર હો અને નીચે અફાટ વિસ્તરેલી ખીણ દેખાય. ઝાયન કેન્યનમાં તમે ખીણમાં હો અને આસપાસ ગુલાબી રંગના કુદરતે નકશીકામ કરેલા ખડક દેખાય. પવિત્ર, અધ્યાત્મિક અનુભૂતિ. યોગ–મેડિટેશનની જરૂર જ ન પડે. બ્રાઇસ કેન્યન તો જાણે ઈશ્વરે સર્જેલું વિશાળ એમ્ફીથિયેટર જ જોઈ લો! ☐


SINCE 1930
Arunbhai Maneklal Jhaveri & Sons
JEWELLERS & REGD. VALUERS
Exclusive Diamond Show Room



1,2,3, "SURYODAYA", SWASTIK CHAR RASTA, C.G.ROAD, NAVRANGPURA, AHMEDABAD - 380009. INDIA
TELE : 91-79-26568456, 26421243, 26425422 FAX : 91-79-26564243
E-mail : amjsons@yahoo.co.in, chintak9@yahoo.com.



▲ વિવેક દેસાઈ

# 'કોલંબસ' હજુ આપણામાં જીવે છે




આશ્ચર્યચિહ્ન સામાન્ય રીતે લખાય છે પણ, ગુજરાતીઓ કોઈક બહારના પ્રદેશમાં જઈને એ પ્રદેશના લોકોના ચહેરા ઉપર આશ્ચર્યચિહ્ન મૂકી આપે છે. સાલી, પ્રજા જ કંઈક આવી છે. મથુરા-વૃંદાવન કે બનારસની ગલીઓમાં પ્રખ્યાત રબડી કે લસ્સીના સબડકા લેતાં લેતાં સુરતનો લોચો, ભાવનગરના ગાંઠિયા-પાપડી કે દાળવડા-દાબેલીની ચર્ચા કરતાં ગુજરાતીઓ મેં જોયા છે. એરપોર્ટ પર, રેલવેસ્ટેશનો પર, ટ્રેનમાં કે વિમાનમાં થેપલાનાં સ્ટીલનાં ડબ્બા ખૂલવાનો 'ખગિંણ' અવાજ ભલભલાના શ્વાસમાં એક તાજગી ભરી દે છે. ગુજરાતીઓ જ્યાં પ્રવાસે જાય ત્યાં ગુજરાત ઊભું કરી દે છે. કાશ્મીર, લેહ-લદાખથી લઈને ઠેઠ માનસરોવર સુધી!! ગમે તેવી વેલ-એરેન્જડ ટૂરમાં ગયેલો ગુજરાતી આખી ટૂરને અસ્તવ્યસ્ત કરવાની તાકાત ધરાવે છે. તો આખી ટૂરમાં ઝઘડો કરતાં લોકોને એક જ બૂમ મારીને 'અરે ઝઘડા બઘડા બંધ કરો, ગાંધીજીને યાદ કરો' એમ કહીને આખી ટૂરને ડાહીડમરી કરી નાંખવાની તાકાત પણ ગુજરાતી પ્રવાસીમાં છે જ..'

મહેસાણાના પટેલો યુરોપના કેટલાય દેશોના નામના ઉચ્ચારો ય સરખા કરી નથી શકતા પણ, એ દેશના પાટનગરના બજારમાં પીત્ઝા-બર્ગરનો સ્વાદ માણી લે છે. સ્પેન કે પેરિસમાં ખાધેલા પીત્ઝાની સરખામણી ઈન્દુબહેન કે નીરુબહેન પીત્ઝાવાળા જોડે કરતાં આખી સાંજ વિતાવી દેવાની ક્ષમતા તેમની પાસે છે. ગુજરાતી જ્યાં ગુજરાત બહાર પગ મૂકે ત્યાં પહેલાં તે ગુજરાતીની શોધ ચલાવે છે. ને એને મળી પણ જાય છે. 'સ્માઈલ' સાથે હાથ મિલાવી 'તમે ક્યાંના?'થી લઈને તમારી કુળદેવી સુધીની ચર્ચાઓ કોઈ પર્યટન સ્થળ પર જ થઈ જાય છે. એકબીજાના કાર્ડની આપ-લે ય થઈ જાય ને 'હેંડો મલીસું ત્યારે...' કહીને છૂટા ય પડી જાય! ગુજરાતી પ્રવાસી હંમેશાં એની જાતને 'કોલંબસ' માને છે. પોતે જે જગ્યાએ જાય એ જગ્યાનું વર્ણન એવી છટાથી કરે કે સાંભળનારને એવો જ અહેસાસ થાય કે અહીં આ ગુજ્જુએ જ પહેલો જ પગ મૂક્યો હશે! ગુજરાતી જ્યાં જાય ત્યાંથી જે તે જગ્યાની યાદગીરી લાવવાનું તે ચૂકતો નથી. ઘણાં ગુજરાતી ઘરોની અંદર નિયમિત પ્રવાસે જતા પરિવારોના બેઠકખંડના શોકેસમાં જે તે જગ્યાની યાદગીરીઓ વ્યવસ્થિત ગોઠવાયેલી હોય છે. શાકભાજીવાળા પાસે કોથમીર મરચાંના ભાવતાલ કરતી ગુજરાતણો લંડન, પેરિસ, દુબઈ કે સિંગાપોરના બજારોમાંથી તોતિંગ ખરીદી કરી જાણે છે. હા, ભાવતાલ તો ત્યાં ય કરાવવાના જ.. પરદેશના મસાજ પાર્લરોમાં ગુજ્જુઓ પ્રાઈઝ લિસ્ટ નક્કી કરે છે. જે સૌથી ઓછા ડોલરનો મસાજ હોય એ જ કરાવવાનો! આંકડા સાથેની કોઈ આડીઅવળી રમત નહીં. 'સસ્તુ ભાડું ને સિદ્ધપુરની જાત્રા' કહેવત દુબઈ, સિંગાપોર, લંડન કે પેરિસમાં ય લાગુ તો પડે...

કેસીનો ક્લબમાં કોઈ ગુજરાતી ભાગ્યે જ ઝાઝું ગુમાવે છે. દુબઈના કેસીનોમાં

માત્ર હજાર રૂપિયા લઈને સો સોવાળી દસ ગેમ પર 'જેશ્રીકૃષ્ણ' બોલીને દાવ રમતા મેં જોયા છે. જીતતાં ય જોયા છે ને ખિસ્સું ખાલી થાય તો એકબીજાને તાલી દઈને હસીને કેસીનો છોડતાં ય જોયા છે. એને હું 'ગુજ્જુ સ્પિરિટ' ગણું છું...


ગુજરાતીઓ જ્યાં જાય ત્યાં ગુજરાત લેતા જાય એવું આગળ લખ્યું છે. એ સંદર્ભે એક પ્રસંગ ટાંકુ છું. ૨૦૦૪માં ફિલિપિન્સના મનીલા શહેરમાં ફોટોગ્રાફીનું વિશાળ પ્રદર્શન હતું. આ દેશમાં સી-ફૂડનું જ ચલણ. રાઈસ(ભાત) સિવાયની કોઈ પસંદગી તમારી પાસે ન હોય, ને એમાંય મટનના ટુકડા તો આવે જ. એ દરમિયાન મને આયોજકો CEBU ટાપુના દરિયાકિનારે લઈ ગયા. દુનિયાના સુંદર ગણાતા ટાપુઓમાંનો તેનો દરિયાકિનારો છે. કિનારા પર રંગબેરંગી છત્રીઓ, રેસ્ટરાં ને બાર... ને ટૂંકાં વસ્ત્રોમાં ફરતાં સ્ત્રીપુરુષો. મારાથી અચાનક જ માંડવી-દાંડીના દરિયાકિનારા જોડે સરખામણી થઈ ગઈ. હું લાકડાની એક બેંચ પર બેસીને દરિયાને જોઈ રહ્યો હતો ત્યાં જ એક પચાસેક વર્ષના પતિ-પત્ની અને બે બાળકો પસાર થયાં. એક બાળકના હાથમાં નાનકડું ટેપરેકોર્ડર હતું ને એમાં ગીત વાગતું હતું. 'પ્રેમ એટલે કે સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો.' હું ચોંક્યો... એક સેકન્ડમાં હું ગુજરાતમાં પહોંચી ગયો. મેં ઈશારો કરીને તેમને રોક્યાં. ને પૂછ્યું, 'તમે ગુજરાતી છો?' બંનેએ કહ્યું, 'હા, સુરતના છીએ...' મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી છે એટલે ત્રણેક મહિના અહીંયા છીએ... મેં કહ્યું, 'આવો અદ્ભુત દરિયાકિનારો ને સુંદર સંધ્યાટાણે આમ ગુજરતી ગીત સાંભળવાનું ખાસ કારણ! ભાઈએ હસીને કહ્યું, 'એમ થોડી સુરત છૂટે યાર!' અમારો સોલી કાપડિયા સુરતી કેટલું સરસ ગાય છે. જુઓ મિ. દેસાઈ, દરિયાકિનારા ગમે તે હોય વાજાં તો વતનનાં જ વગાડવાનાં... આ બિકીનીવાળી છોકરીઓનો રોમાંચ તો જ લઈ શકો જો વતનનું સંગીત કાનમાં ભળે!' આ વાતને કોઈ લોજિક નથી, પણ વાત અદ્ભુત છે.

> **ગુજરાતી જ્યાં ગુજરાત બહાર પગ મૂકે ત્યાં પહેલાં તે ગુજરાતીની શોધ ચલાવે છે. ને એને મળી પણ જાય છે. 'સ્માઈલ' સાથે હાથ મિલાવી 'તમે ક્યાંના?'થી લઈને તમારી કુળદેવી સુધીની ચર્ચાઓ કોઈ પર્યટન સ્થળ પર જ થઈ જાય છે. એકબીજાના કાર્ડની આપ-લે થઈ જાય ને 'હેંડો મલીસું ત્યારે...' કહીને છૂટાય પડી જાય! ગુજરાતી પ્રવાસી હંમેશાં એની જાતને 'કોલંબસ' માને છે. પોતે જે જગ્યાએ જાય એ જગ્યાનું વર્ણન એની છટાથી કરે કે સાંભળનારને એવો જ અહેસાસ થાય કે અહીં આ ગુજ્જુએ જ પહેલો જ પગ મૂક્યો હશે!**

ફોટોગ્રાફીમાં 'જનજીવન'ની ફોટોગ્રાફી મારો પ્રિય વિષય રહ્યો છે. અમદાવાદથી જ્યારે પણ વિમાન માર્ગે, બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરું ત્યારે ગુજ્જુ પ્રવાસીઓની માનસિકતાને સમજવાનો હંમેશા આનંદ આવતો રહે છે. કેટલીક ક્ષણો તમારા ચહેરા પર ગમે ત્યારે સ્મિત લાવી દે તેવી હોય છે. જેમ કે, ગુજરાતી પ્રવાસીઓ ઘોંઘાટમાં માનનારા છે. વળી, આ લોકો ખૂબ જોરથી બોલે છે. એરપોર્ટ પર વેઈટિંગ લોન્જમાં હાથમાં છાપું પકડીને બીજા લોકોની સામું ઘુરકીને જોયા કરવું એ એમનાં સ્વભાવમાં વણાઈ ગયું છે. મોબાઈલમાં વાત કરતી વખતે એક હાથ મોબાઈલ પર દબાવીને હું ઘરે જમીશ... સુ બનાયું છે! વગેરે... વગેરે... જોરજોરથી બરાડે છે ને લાંબી વાત કરે છે. આખેઆખી બિઝનેસ ડીલ ટ્રેનની મુસાફરીમાં ગુજરાતી પાક્કી કરી નાંખે છે. ને એની વાતમાં બીજા ગુજ્જુ પ્રવાસીઓ એટલા જ ઉત્સાહથી ભાગ લે છે. પાંચ કરતાં વધારે પ્રવાસીઓ એકસાથે મુસાફરી કરતાં હોય તો એરપોર્ટ, સ્ટેશન કે બસસ્ટેન્ડે કૂંડાળું વળીને જ બેસતા હોય છે.- ગુજરાતી પ્રવાસીઓ પ્લેનમાં ચઢતાં એરહોસ્ટેસ હસીને આવકારે એ પહેલાં જ હસીને એરહોસ્ટેસને આવકારે છે! ગુજરાતી પ્રવાસી ગમે તેનું મોબાઈલનું ચાર્જર હકથી માંગી લે છે. આવું તો ઘણુંબધું...' ને છેલ્લે... બાપુની પ્રવાસની મજાકથી વાત પૂર્ણ કરું...

બા-બાપુ અમેરિકા જવા એરપોર્ટ પહોંચ્યા ત્યારે બાપુએ કહ્યું, 'આપણે સાથે ટી.વી. લઈ જવા જેવું હતું...' કેમ! બાપુ બોલ્યા, 'પાસપોર્ટ ટી.વી. ઉપર રહી ગયો છે!' બાપુની આ મજાક સત્યઘટના હોય તો નવાઈ નહીં... ગુજરાતીઓની 'પ્રવાસસેન્સ' મજબૂત છે. દરેક ગુજરાતી પ્રવાસમાંથી પાછો ફરે ત્યારે જાત સાથે વાત કરે છે ને પૂછે છે.. ફરીવાર ક્યાં જઈશું! ગુજરાતી પ્રવાસી દરેક પ્રવાસના અંતે ફરીથી 'કોલંબસ' બનવા તૈયાર જ રહે છે... ☐

# વૅકેશન અને બાળકો



રઈશ મનીઆર

વૅકેટ એટલે ખાલી કરવું. અર્થાત્ એક જગ્યા ખાલી કરી બીજા સ્થળે જવું એ અર્થમાં વૅકેશન શબ્દ આવ્યો હશે. અભ્યાસ અને રુટિનની એકવિધતાથી ભરાયેલા મગજને ખાલી કરી કશું નવું પાંગરવા માટેની તક આપવી. વૅકેશનનો અર્થ એ પણ કરી શકાય.

વિનામૂલ્યે 'મામાને દેશ' જવાથી લઈ ચાર લાખ ખરચી 'ઓબામાને દેશ' જવા સુધીનું વૅકેશન બાળકો માણે છે. સાંપ્રત સમયમાં વૅકેશનો ખર્ચાળ બન્યાં છે. જેમણે યુરોપની ટુર કરી ત્યાં ખાખરાની મજા લીધી છે તેઓ ઈજિપ્ત, તુર્કી કે બ્રાઝિલ જઈ ત્યાં ખાખરાની મજા લેવાનું વિચારે છે. જેઓ શિમલા મસુરી જઈ કંટાળ્યા છે તેઓ યુરોપ જવા માટેની પૂંજી ભેગી કરી રહ્યા છે. આવા સમયે આબુ કે સાપુતારા જવાવાળા લઘુતા અનુભવે એ સ્વાભાવિક છે.

સાચું માનો 'કેટલું ખર્ચાળ વૅકેશન છે?' એ બાળકોને મન મોટેભાગે, સાવ બિનમહત્ત્વનું હોય છે. બાળકના મનમાં પૈસા, મોંઘુ-સસ્તું એવો ખ્યાલ માતાપિતા રોપે છે. બાળકના જીવનનો એકમાત્ર માપદંડ 'મજા' હોય છે. એ મજા પૈસા ખર્ચ્યા વગર આવે એ ય શક્ય છે અને પૈસા ખર્ચ્યા પછી ય ન આવે એ ય શક્ય છે.

કવિ રમેશ પારેખે 'હું ને ચન્દુ છાનામાના કાતરિયામાં પેઠા' ગીત લખ્યું, એ



> **સાચુ માનો 'કેટલું ખર્ચાળ વૅકેશન છે?' એ બાળકોને મન મોટેભાગે સાવ બિનમહત્ત્વનું હોય છે. બાળકના મનમાં પૈસા, મોંઘુ-સસ્તુ એવો ખ્યાલ માતાપિતા રોપે છે. બાળકના જીવનનો એકમાત્ર માપદંડ 'મજા' હોય છે. એ મજા પૈસા ખર્ચ્યા વગર આવે એ ય શક્ય છે અને પૈસા ખર્ચ્યા પછી ય ન આવે એ ય શક્ય છે.**

ગીતમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી કે એ 'વૅકેશન ગીત' છે પણ એમાં બનેલી ઘટનાઓ વૅકેશનમાં જ આકાર લે એ પ્રકારની છે. દાદાજીના ચશ્માંમાંથી કાઢી લીધેલા કાચની મદદથી પપ્પાની લૂંગી પર પાડેલું પિક્ચર કેટલાયની સ્મૃતિના અકબંધ ખજાનામાં સચવાયેલું હશે. જો કે આજના જમાનામાં રમેશિયો ગુજરાત બોર્ડમાં હોય તે ચન્દુડિયો સીબીએસસીમાં હોય એટલે ચન્દુડિયો પરવારી જાય-રમેશિયો સમાજવિદ્યા ગોખવાની બળતરા અનુભવે. પછી રમેશિયાની રજા પડે ત્યારે ચન્દુડિયાની સ્કૂલ ચાલુ!

વૅકેશનની સૌથી મોટી મજા તો કાતરિયામાં જ આવે. મમ્મી-પપ્પાની કરડાકીભરેલી નજરથી દૂર, બાળકોને સાત

પગલાં આકાશમાં ભરીને ઉપર પરીઓના દેશમાં જવા તો ના મળે પણ 'સાત પગલા દાદર પર' ચડવાથી સર થતું કાતરિયું એ બાળક માટે સ્વર્ગનો પર્યાય હતું. લાઈટ તો ત્યાં હોય નહીં પણ પૂર્વજોની કૃપાથી એકાદ નળિયું ખસેલું હોય એટલે જરૂર પૂરતો પ્રકાશ આવે. જૂની પેટી કે પટારામાંથી નાટકનો સેટ બનાવવા જેટલો સામાન અચૂક હોય. બાળકોની રમતનું એ સુખ કે એમાં તમામ નકામી વસ્તુ કામની થઈ જાય. બપોર કાતરિયામાં વીતે અને સવાર-સાંજ વાડી અને વાડામાં વીતે. નાની ઉંમરે એ પ્રશ્ન નહોતો થતો કે નાનો હોય એ 'વાડો' કેમ? અને મોટી હોય એ 'વાડી' કેમ?

હવે ન એ વાડા રહ્યા, ન વાડી, ન કાતરિયાં. ઉપયોગિતાના આ યુગમાં ખોટી જગ્યા રોકે એવાં કાતરિયાં બિનઉપયોગી થઈ ગયાં અને દાદા પણ. દાદાના ચશ્માંમાંથી પ્રોજેક્ટર બને એ ઘટનાની પાછળ માત્ર વિજ્ઞાન નહોતું. જે ચશ્માંએ આટલું જગત જોયેલું હોય એ ચશ્માં જ આમ ચાંદરડા દેખાડી શકે એવી પૌત્રને પ્રતીતિ હોય છે.

બાળકના વ્યક્તિત્વને મુક્તપણે પાંગરવા માટે જે સ્પેસ કે જે અવકાશ જોઈએ તે આખું વરસ તો આપવો મુશ્કેલ છે પંરતુ વૅકેશનમાં બાળકને પોતાની જાત સાથે સંવાદ કે સેતુ સાધવાનો સમય મળે છે. આખું વરસ તો બિચારું બાળક માતાપિતા-શિક્ષકો -અભ્યાસક્રમ અને પરીક્ષાઓને ટેકલ કરતાં જ ખર્ચાઈ જાય છે. માતાપિતાના મગજમાં બાળકનું 'કરિયર' હોય તેથી બાળકની પીઠને 'કૅરિયર' બની પુસ્તકોનો ભાર ઉપાડ્યે જ છૂટકો. સાહજિકતા વગરનો અભ્યાસ સમયનો અને મગજનો બગાડ છે, એ આપણને ક્યારે સમજાશે? સદ્ભાગ્યે વૅકેશનમાં અમુક ધોરણોનાં બાળકોને થોડી



**બાળકના વ્યક્તિત્વને મુક્તપણે પાંગરવા માટે જે સ્પેસ કે જે અવકાશ જોઈએ તે આખું વરસ તો આપવું મુશ્કેલ છે પંરતુ વૅકેશનમાં બાળકને પોતાની જાત સાથે સંવાદ કે સેતુ સાધવાનો સમય મળે છે. આખુ વરસ તો બિચારું બાળક માતાપિતા શિક્ષકો અભ્યાસક્રમ અને પરીક્ષાઓને ટેકલ કરતાં જ ખર્ચાઈ જાય છે. માતાપિતાના મગજમાં બાળકનું 'કરિયર' હોય તેથી બાળકની પીઠને 'કૅરિયર' બની પુસ્તકોનો ભાર ઉપાડ્યે જ છૂટકો. સાહજિકતા વગરનો અભ્યાસ સમયનો અને મગજનો બગાડ છે, એ આપણને ક્યારે સમજાશે?**

મુક્તિ મળે છે. (મારું ચાલે તો વૅકેશનમાં ટ્યુશનો ચલાવનારા ખોટાડા શિક્ષકો પર 'ટાડા' કે 'પાસા' લગાડી દઉં). સવારથી લઈ સાંજ સુધી શું કરવાનું છે એનો કોઈ પ્લાન ન હોય. કોઈ રોકનાર કે ટોકનાર ન હોય એવા દિવસો જીવનની મોટી મૂડી છે. એ દિવસો બાળકને વૅકેશનમાં મળે છે. ઉપરઉપરના નિયંત્રણોમાંથી મગજને મુક્તિ મળે ત્યારે થતો સ્વતંત્રતાનો અનુભવ બાળકની સર્જનાત્મતાને બહાર લાવે. બાળકની દેખીતી અવ્યવસ્થાની પાછળ રહેતી સૂક્ષ્મ વ્યવસ્થાને ઓળખવા માટે વાલીમાં ખૂબ ધીરજ હોવી ઘટે. વ્યવસ્થિત સમયસર કામ કરી કશે ન પહોંચનાર વિદ્વાનો અને અવ્યવસ્થિતામાંથી નૂતન આવિષ્કારો શોધનારા વૈજ્ઞાનિકોનો તફાવત સમજવા માટે દૃષ્ટિ જોઈએ.

અનુકરણ અને અનુસરણ કરનારાં બાળકો ડાહ્યાં લાગે. એની સામે પોતાના મનની ગતિને અનુસરનારાં બાળકો થોડાં મનસ્વી લાગે. પોતાની આગવી રીતે થોડું જોખમ ઉઠાવીને થોડું નુકસાન કરીને શીખતાં આ બાળકોને સાચવી લેવાની આજના માબાપની ધીરજ ઘટતી જાય છે. શિસ્ત ડરથી આવે તો એ ઉપરછલ્લી હોય અને ટકી જાય તો વિકાસ માટે બાધારૂપ બને. શિસ્ત સમજમાંથી આવે, એ મોડી આવે પણ એ કાયમી હોય અને વિકાસને ઉત્તેજન આપે.

વર્ગખંડમાં જ શિક્ષણ મળે એ ગેરમાન્યતાને કારણે માનવજાતે કેટલું ગુમાવ્યું છે! વર્ગખંડોની એવી તે ગુલામી આપણને કોઠે પડે છે કે આજનો વાલી તો વૅકેશનમાં ય વર્ગખંડ શોધે છે. આજે તો સમય એવો છે કે પહેલાં બાળકની પર્સનાલિટીને કુંઠિત કરી દેવામાં આવે છે અને પછી પર્સનાલિટી ડેવલેપમેન્ટના કલાસ



ચલાવવામાં આવે છે.

બન્નેની નોકરીને કારણે બાળકને ઘરમાં ન રાખી શકતાં માબાપો કરતાં બાળકને ઘરમાં ન સાંખી શકતાં માબાપોની સંખ્યા મોટી છે. આખો દિવસ ઘરમાં સોફા પર બેસી પગ હલાવતો ટીવી જુએ તો એનું ભવિષ્ય શું? બાળક અભ્યાસના નામે જે વેઠ ઉતારે છે એના કરતાં ટીવી કે વીડિયો ગેમ સારો વિકલ્પ છે પણ બાળકને કશું રચનાત્મક કે સર્જનાત્મક કામ કરવા માટે મળે તો બાળક ટીવી સામે જોશે ય નહીં.

પોતાના નાનકડા મગજને મહામુશ્કેલીથી એકાગ્ર કરી, બાળકને તલ્લીન થઈને કંઈ કરતાં જોવું એ પણ લહાવો છે. જરૂરી નથી કે બાળક વડીલોએ સોંપેલાં કામમાં જ તલ્લીન થાય. આવો દુરાગ્રહ ન હોય તો કદાચ બાળકના જીવનપ્રવાહને સમજવાની ચાવી એકાદ વૅકેશનમાં જ મળી જાય.


વૅકેશનમાં ક્યારેક બાળકની સાથે રહી એને સથવારાનો અનુભવ કરાવીએ, ક્યારેક બાળકને એનું એકાંત નિરવરોધ માણવા દઈએ.

જો કે વૅકેશન એ તો મનની અવસ્થાનું નામ છે. અમુક બાળકો ધારે ત્યારે વૅકેશન લઈ લે છે. ચાલુ પિરિયડે વર્ગખંડની બારી ખુલ્લી હોય તો એમાંથી નજર લટારી મારીને વૅકેશન લઈ લે અને બારી હોય તો મનના ઝરૂખેથી કલ્પનાની ઉડાન ભરવામાં કોઈ ઇંધણ વપરાતું નથી. શિક્ષક બોર્ડ પર મચ્છરના પ્રકારો ભણાવતા હોય ત્યારે બાળક કલ્પનાનાં પતંગિયાં પકડતું પકડાય એવા નિર્દોષ ગુનાઓ બનતા રહે એમાં જ માનવજાતિનું ભવિષ્ય છુપાયેલું છે. ચાલો! બાળકોને વૅકેશનમાં આવા નિર્દોષ ગુનાઓ કરવા દઈએ.



તસવીરોઃ મિતેષ ભાવસાર

# બાળકને પુસ્તક-પ્રેમી બનાવવું છે? વાત વૈજ્ઞાનિક દષ્ટિકોણથી



યશવન્ત મહેતા



આપ આ પંક્તિઓ વાંચો છો ને? આપ આ વાંચો એમાં આપને કશું નવું કે અજુગતું નથી લાગતું ને? કારણ કદાચ એ છે તમે વાંચવાને ટેવાયેલાં છો. તમને વાંચવાની ટેવ એ હદે સ્પર્શી ચૂકી છે કે વાચનમાં તમને કશું અજાયબ કે અજુગતુ લાગતું નથી. કશું અસ્વાભાવિક પણ લાગતું નથી.

પણ વૈજ્ઞાનિક તથ્ય એ છે કે વાચન એ માનવજાતની મૂળભૂત પ્રકૃતિ નથી! નાચવું, ગાવું, દોડવાની કે તરવાની હરીફાઈ કરવી, ખૂબસૂરતી જોઈને સિટી વગાડવી વગેરે ક્રિયાઓ કુદરતી છે. માનવજાત 'માનવ' તરીકે વિકસી એ સમયથી, એટલે કે લાખો વર્ષોથી, આ બધાં લક્ષણ કેળવાયેલાં છે. પરંતુ વાંચવાનો સંસ્કાર બહુ જ નવો છે, તાજેતરનો છે, એકાદ ચોક્સાઈથી કહેવું હોય તો કહી શકાય કે પંદરમી સદીની બરાબર અધવચ્ચે (ઈ. સ. ૧૪૩૮માં) જર્મનીનાં જહોન ગુટનબર્ગે વારંવાર વાપરી શકાય એવા મૂળાક્ષરોનાં ધાતુનાં બીબાં (ટાઈપ) ઢાળ્યા અને એમને ગોઠવીને, ઉપર શાહી ચોપડીને ઉપર કાગળ દબાવીને છાપ (પ્રિન્ટ) લેવાનું શોધી કાઢ્યું તે પછી 'વાચન' નામની ક્રિયાનો જન્મ થયો છે. કારણ કે ગુટનબર્ગની પ્રક્રિયાએ જ એક કૃતિની અનેક નકલો બહુ જલદી કાઢવાનું શક્ય બનાવ્યું.

વાચન દ્વારા વિકાસ છે, એ સિદ્ધ થયેલું તથ્ય હોવાથી શાણા માણસો વાચનના વિકાસ અને વૃદ્ધિ પર ભાર મૂકે છે. એ ભાર ખૂબ જરૂરી છે અને મોકાસરના છે. હિન્દ જેવા દેશમાં હજુ તો ભણતર અને વાચનના સંસ્કાર માંડ માંડ ભાખડિયા ભરે છે, બીજી બાજુ અહીં પણ ઈલેક્ટ્રોનિક માધ્યમોનો મારો શરૂ થઈ ગયો છે ત્યારે વાચન પર ભાર નહિ મુકાય તો પ્રગતિ માટેનો અવકાશ રૂંધાઈ જશે.

વાચનસંસ્કાર વિકસે એને માટે વખતોવખત સૂત્રો, અભિયાનો, આંદોલનો આપવામાં આવે છે. એ ખૂબ જરૂરી અને ઉપકારક છે. અલબત્ત, આવાં અભિયાન મોટી વયનાઓને વાંચતાં કરવામાં બહુ સફળ નહિ થાય. આપને આશ્ચર્ય થશે કે પ્રૌઢ-શિક્ષણનાં અભિયાન છેક ગાંધીયુગથી, વીસમી સદીના ચોથા દાયકાથી શરૂ થયાં છે છતાં પ્રૌઢોને વાંચતા કરવામાં નહિવત્ પ્રગતિ થઈ શકી છે, બીજી બાજુ નવી પેઢીને, એટલે બાળકોને વાંચતાં કરવામાં પણ જોઈતી સફળતા મળી નથી. એમાં સફળતા મેળવવી હશે તો સૂત્રો પોકારવાથી અને ભાષણો કરવાથી નહિ ચાલે. એક નક્કર વૈજ્ઞાનિક અભિગમ સાતત્યપૂર્વક અપનાવવો પડશે.

આ દિશામાં કેટલીક વૈજ્ઞાનિક ચર્ચા અહીં પ્રસ્તુત છે :

ઘણાં માતા-પિતા પૂછે છેઃ બાળકને સાહિત્યનો અને પુસ્તકનો પરિચય ક્યારે કરાવવો? તેઓ જણાવે છે કે બાળક એક-સવા વર્ષનું થાય ત્યાં સુધી તો કોઈ કાગળ કે ચોપડી એનાં હાથમાં આવી જાય તો ખાઈ જાય અગર ફાડી નાખે એનો ડર રહે છે. માતાઓ એમ પણ કહે છે કે, બાળક પાંચેક વર્ષનું થાય ત્યાં સુધી એને પોતાને તો વાચતા આવડતું નથી; પછી એના હાથમાં ચોપડી મૂકવાનો શો મતલબ છે? એ વાચતુ થાય એ

અગાઉ એના હાથમાં પુસ્તક મૂકવું એ તો નાણાંની બરબાદી જ છે.

બાળઉછેર અને બાળશિક્ષણના જાણકારો માતા-પિતાની આવી દલીલો સાથે સંમત નથી. વાસ્તવમાં આવી દલીલો કરવી એ તો એમ કહેવા બરાબર છે કે બાળકને તરતાં નથી આવડતું માટે એણે પાણીમાં ઊતરવું જ ન જોઈએ! આપણે જોઈએ છીએ કે પાણીમાં ઊતર્યા વિના તરતાં ન શીખાય, એટલું જ નહિ, વાચનસંસ્કારથી વિમુખ એ બાળક શિક્ષણ-સંસ્કાર-સદ્ગુણો અને માનવ-વ્યક્તિ તરીકેના વિકાસની અમૂલ્ય તકો ગુમાવી બેસે છે. આજે સમજુ લોકો કહે છે કે હિન્દનાં બાળકોને બચપણથી પુસ્તકોનો માહોલ નથી મળતો એથી જ ઘણો પ્રજાવર્ગ પછાત માનસિકતા અને અતાર્કિક વર્તનનો શિકાર બને છે.

બાળઉછેરનું વિજ્ઞાન કહે છે કે બાળક જન્મ પછી તરત જ સાહિત્યનો સ્પર્શ પામે જ છે એને ઊંઘાડવા માટે હાલરડાં, કવિતા, ભજન. વાદ્યસંગીત વગેરે (મુખ્યત્વે હાલરડાં) સંભળાવવામાં આવે છે, તે એને મળતો સાહિત્યનો પ્રથમ પરિચય છે. આ પરિચય શબ્દો થકી થતો કાવ્યપરિચય છે. સદીઓ સુધી હિન્દમાં ઘણીખરી જનતા લિખીત સાહિત્યથી વંચિત હતી, પરંતુ મૌખિક સાહિત્યપરંપરાઓ વનવાસી પ્રજાઓ સુધ્ધાં પેઢી-દર-પેઢી પામતી હતી. જો આવું શ્રાવ્ય સાહિત્ય બાળકના ઉછેર માટે, એની જ્ઞાનેન્દ્રિયો અથવા 'સેન્સીઝ'ના વિકાસ માટે ઉપકારક હોય તો લિખિત સાહિત્ય પણ ઉપકારક લેખાવું જોઈએ.

અમારો જાત-અનુભવ છે કે નાનાં શિશુઓને સુબદ્ધ સંગીત, લય, સુમધુર શબ્દાવલીવાળાં હાલરડાં અને ગીતો માતા કે વડીલ સ્ત્રી દ્વારા સંભળાવવાથી અથવા એવી



**બાળક ચાલતાં શીખે એટલે એ દરેક બાબતમાં મોટેરાંઓની નકલ કરવા લાગે છે. મોટેરાંઓની જેમ જ એ પોતાના અસબાબ ઊંચકવા, ફેરવવા, ગોઠવવા પ્રેરાય છે. એ પોતાના રમકડાંને કે ગમતા વિમાનને તેડી શકે છે. ગમતા સુંવાળા ઢીંગલા ( કે રીંછ કે સસલા કે વાનર)ને પોતાની સાથે સુવાડે છે. એ જ રીતે, જો સુંદર રંગીન ચિત્રોવાળાં પુસ્તકો મોટેરાંઓની જેમ જ એ ખોલીને 'વાંચવાનું' નાટક કરશે.**

ઑડીયો કેસેટ વગાડવાથી બાળકને શાંત રાખી શકાય છે એટલું જ નહિ એની સૂક્ષ્મ સંવેદનશીલતા પણ કેળવી શકાય છે. આ વાત બાળકને પુસ્તકના સંપર્કમાં મૂકી આપવા અંગે પણ એટલી જ સાચી છે.

વિજ્ઞાનીઓએ તારવી કાઢ્યું છે કે માનવીની બૌદ્ધિક ક્ષમતાના ઘણાખરા અંશની કેળવણી ચાર કે છ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. એ વખતે એમની જ્ઞાનેન્દ્રિયો જેના પરિચયમાં આવે તે બધી જ બાબતો એના વિકાસમાં પાયારૂપ ભૂમિકા ભજવે છે. સઘન વિકાસને આ તબક્કે જો બાળક પુસ્તકને ચાહતું થઈ જાય તો તો ચમત્કાર થઈ જાય છે. આ વિધાન અમે અમારા સ્વાનુભવને આધારે કર્યું છે.

અમારું આવું વિધાન સાંભળીને માતા-પિતા જરૂર પ્રશ્ન કરશે કે આવડાં નાનાં બાળકોને પુસ્તકના સંસર્ગમાં કેવી રીતે મૂકી શકાય? પણ, દોસ્તો જાણકારો કહે છે કે બાળક એક વર્ષથી નાનાં હોય એ વેળા પુસ્તકો એમને દેખાય એવી રીતે રાખો. નાનાં બાળકો માટેનાં, પુષ્કળ ઊજળા રંગોમાં છાપેલ ચિત્રોવાળાં પુસ્તકો એમનાં હાથમાં આપો. ખોલીને એમને બતાવો. નાની ઉંમરે તેઓ પુસ્તકનાં પાનાં પકડીને વાળી નાખશે કે કદાચ ફાડી પણ નાખશે.પરંતુ મુદ્રિત શબ્દ અને ચિત્ર સાથેના બાળકના પરિચયથી થનાર લાભ આગળ આ ન જેવું નુકસાન કશી વિસાતમાં નથી.

બાળકને દાંત ફૂટતા હોય એ થોડાક માસ એના જીવનના 'બાઈટિંગ પિરિયડ' (બચકાં ભરવાનો સમયગાળો) તરીકે ઓળખાય છે. એ વેળા બાળક જે કાંઈ હાથ ચડે એને મોમાં નાખે છે અને બટકાવે છે. આ મુદત દરમિયાન બાળકની ખાસ કાળજી રાખવી પડે છે. કાગળ એના મોમાં જાય અને તાળવે ચોંટી જાય તો એનો શ્વાસ રૂંધાઈ જાય એવો ભય રહે છે. એટલે આ મુદત દરમિયાન એને પુસ્તક માત્ર બતાવવું. આ પુસ્તકમાં હાથી, ઘોડા, વાઘ, કૂતરા, ગાય, બિલાડા જેવાં પ્રાણીઓ અને મોર, પોપટ, હંસ જેવાં પક્ષીઓ રંગીન શાહીથી છાપેલાં હોય તે બતાવીને ઓળખાવતાં જવું, અહીં એને

ભણાવી નાખવાનો હેતુ નથી, પરંતુ પુસ્તકની અંદર પણ જ્ઞાનવિશ્વ રહેલું છે, એવો એને ખ્યાલ આપવાનો છે

હમણાં હમણાં પુસ્તકોની દુનિયામાં ક્રાંતિ આવી છે. બાળકો માટેનાં કક્કા કે આંક કે પર્યાવરણ-પરિચયનાં પુસ્તકો ખૂબ રૂપાળાં બની ગયાં છે. ઘણાંખરાં મા-બાપ અને વડીલો માટે પણ નવા ઑફસેટ મુદ્રણના આ પુસ્તકો આનંદદાયી બની શકે છે. આ પુસ્તકો જોતી વેળા બાળકો અવશ્ય શાંત રહે છે, એ પણ અમારો સ્વાનુભવ છે.

પુસ્તકો માટે પ્લાસ્ટિક લેમિનેશનની શોધ થયા પછી તો બાળકને પુસ્તક આપવાનું ઓર અધિક સરળ અને સલામત બન્યું છે. ઠીકઠીક-જાડો કાગળ (અથવા પૂઠું જ) હોય, એના પર બહુરંગી છાપકામ કરીને પ્લાસ્ટિકનું પડ ચડાવી દીધું હોય, પછી એ પુસ્તક બાળકને માટે પણ સલામત બની જાય છે. બાળક એને ફાડી નહીં શકે, ખાઈ પણ નહિ શકે. અમારે ઘેર જાપાનમાં છપાયેલું, એકથી દસની ગણતરી માટેનું આવું એક પુસ્તક ત્રીસ વર્ષોથી ટક્યું છે અને એણે બાળકોની બે પેઢીઓને પુસ્તકના સંસર્ગમાં મૂકી આપવાનું અદ્ભુત કાર્ય બજાવ્યું છે.

બાળક ચાલતાં શીખે એટલે એ દરેક બાબતમાં મોટેરાંઓની નકલ કરવા લાગે છે. જીવન જીવતાં શીખવાની એની આ તાલીમ છે. મોટેરાંઓની જેમ જ એ પોતાના અસબાબ ઊંચકવા, ફેરવવા, ગોઠવવા પ્રેરાય છે. એ પોતાના રમકડાંને કે ગમતા વિમાનને તેડી રાખે છે. ગમતા સુંવાળા ઢીંગલા ( કે રીંછ કે સસલા કે વાનર)ને પોતોની સાથે સુવાડે છે. એ જ રીતે, જો સુંદર રંગીન ચિત્રોવાળાં પુસ્તકો એને મોટેરાંઓની જેમ જ એ ખોલીને

**બાળકને કેટલીક કવિતાઓ કે કેટલીક વાર્તાઓ ખૂબ ગમી જાય છે. એનું વારંવાર શ્રવણ કરવા એ ઉત્સુક રહે છે. આવી દરેક વેળાઓની 'સાથે' વાચવાનુ રાખો. બાળક તમારાં ઉચ્ચારણ, તમારા વિરામ, તમારી વાંચનશૈલી, બધું ખૂબ ધ્યાનથી જોશે. આ તાલીમ એને ઉત્તમ વિદ્યાર્થી બનાવશે.**

'વાંચવાનું' નાટક કરશે. આ જ સમય એને પુસ્તકની અંદરનાં ચિત્રોથી પરિચિત કરવાનો છે. આ ઉંમરે પશુ, પંખી, ફૂલ, આજુબાજુની દુનિયાનાં વાહનો, ચીજવસ્તુઓ, રાચરચીલાં વગેરેનાં ચિત્રો બતાવીને, નીચે લખેલાં નામો પર આંગળી મૂકીને એમની ઓળખ કરાવશો તો એક અજબ સિદ્ધિ સાંપડશે. પેલાં વાંકાચૂંકા લીટા (અક્ષર) ખરેખર તો કશાકનો પરિચય આપે છે, એવું બાળક આપોઆપ સમજશે. એ હજુ અક્ષરોને ઉકેલી નહિ શકે, પરંતુ બે-ત્રણ વર્ષ પછી અક્ષરો જ્યારે એની સમક્ષ આવશે ત્યારે એનો જરાય ભય બાળકને નહિ લાગે. ઊલટાનો જૂના પરિચયનો અહેસાસ એને હિંમત પ્રેરશે.

બાળક બે વર્ષ પૂરાં કરે પછી એની સાથે વાચન કરો, 'સાથે' એટલે ખરેખર સાથે. એની 'સામે' નહિ. બાળકને સામે બેસાડીને કે સુવાડીને તમારે વાંચવાનું નથી. એને બાજુએ બેસાડીને, વાર્તા કે કવિતા કે પર્યાવરણની ચોપડીની લીટીઓ પર આંગળી ફેરવતાં ફેરવતાં વાંચવાનું છે. તમે જોશો કે બાળકને કેટલીક કવિતાઓ કે કેટલીક વાર્તાઓ ખૂબ ગમી જાય છે. એનું વારંવાર શ્રવણ કરવા એ ઉત્સુક રહે છે. આવી દરેક વેળા એની 'સાથે' વાચવાનુ રાખો. બાળક તમારાં ઉચ્ચારણ, તમારા વિરામ, તમારી વાંચનશૈલી, બધું ખૂબ ધ્યાનથી જોશે. આ તાલીમ એને ઉત્તમ વિદ્યાર્થી બનાવશે.

શિક્ષણશાસ્ત્રીઓએ તારવ્યું છે કે જે ઘરમાં વિદ્યાનું અને પુસ્તકોનું વાતાવરણ હોય તેનાં સંતાનો વિદ્યાવાન બને છે. અત્યાર સુધી અમુક જ જ્ઞાતિમાં કે કબીલાનાં બાળકો વિદ્યાનો વારસો પામતાં, કારણ કે ત્યાં વિદ્યાનું વાતાવરણ મળતું. નવા સમતાશીલ સમાજમાં આપણે વિદ્યાના આવા ઇજારા તોડવા માંગીએ છીએ. આપણે ઇચ્છીએ છીએ કે દલિતનો દીકરો કે ભઠિયારાની દીકરી પણ વિદ્યાવાન બને. એ કર્યે કે સપનાં જુએ કે સૂત્રો પોકાર્યે બની જવાતું નથી. એ કશી યાત્રાઓ કાઢ્યે સફળ થવાનું નથી. એ તો કદાચ પેઢીઓ સુધી ચાલનારી પ્રક્રિયા નીવડશે. દરેક ઘર વિદ્યાના, પુસ્તકોના જાતિ વાતાવરણથી ગુંજી રહેશે ત્યારે જ અચૂક લોકોનો જ્ઞાનનો ઇજારો તૂટશે.

બાળક માટે બને તેટલાં વધારે પુસ્તકો વસાવો. બાળક ચાર વર્ષનું થાય ત્યાં સુધીમાં તો એનું પોતાનું એક નાનકડું પુસ્તકાલય એની પાસે હોવું જોઈએ અને આ અઘરું નથી. હમણાં સૌરાષ્ટ્રની મુલાકાતમાં જોયું કે નીચલા મધ્યમ વર્ગનાં માબાપ સુદ્ધાં બાળકને આઇસક્રીમ ચૉકલેટ-મસાલા ખવડાવવામાં કે રેસકોર્સ ફરવા લઈ જવામાં કે પૂરા ચોવીસ કલાક ન ટકે એવાં ભંગાર રમકડાં ખરીદી આપવામાં ગણનાપાત્ર ખર્ચ કરે છે. તો પછી થોડીક રકમ ટકાઉ કિતાબો ખરીદવાથી માબાપનું દેવાળું નહિ ફૂંકાય! બદલામાં બાળકની જિંદગીમાં દિવાળીની-દિવાળી થઈ જશે. માબાપ માટે એ મોટામાં મોટો આનંદ હોવો જોઈએ. ◻

આપણે વધારે કલ્પનાશીલ છીએ, આપણે વધારે સંસ્કારી છીએ, આપણે આપણા કુટુંબ સાથે જોડાયેલાં છીએ, આપણા મૂળ સાથે જોડાયેલાં છીએ, એટલે આમાં જે Charm છે તે ક્યાંય નથી. જો કોઈ ગુજરાતી વાત કરતું હોય તે હૃદયપૂર્વક કરતું હોય તેવું લાગે છે.

**તમારા અભિનયવાળી કોઈ મનપસંદ ફિલ્મ?**


જેટલી ફિલ્મો મેં કરી છે તે બધી જ પ્રિય છે. સંજય લીલા ભણશાળીની 'દેવદાસ' ઘણી પ્રિય છે. જેમાં મેં એક હટકે રોલ કર્યો છે. મેં 'હમ હે રાહી પ્યાર કે', 'ઇશ્ક' 'દિલ હૈ કી માનતા નહીં'. અજય દેવગન સાથે કામ કર્યું છે તે બધી જ ફિલ્મો મને ગમે છે. ખૂબ ઉમદા કલાકાર છે.

**કોમેડી કરવામાં શું ટ્રેજેડી છે?**

લોકોને હસાવવા એ ખૂબ અઘરું કામ છે. બધા પોતપોતાના મૂડમાં આવતા હોય એ બધાને ઝંઝોળીને તમારા પ્લેટફોર્મ પર લાવવા એ મુશ્કેલ છે. અને સદ્‌ભાગ્યે તે આવે એ ઘણી મોટી વસ્તુ છે. ઘણીવાર આ કામ ક્ષણમાં થઈ જતું હોય છે ને ક્યારેક હથોડા મારી મારીને થાકી જાવ તો પણ ના થાય. પણ મને આ ક્ષણોની મજા લેવી ગમે છે.

**૧૦૦થી વધારે સફળ ફિલ્મો આપી છે તો ક્યા ડાયરેક્ટરથી પ્રભાવિત છો?**

દરેક ડાયરેક્ટર ખૂબ ધગશથી કામ કરે છે. દરેક પોતાનું સર્વોત્તમ આપવાનો પ્રયત્ન કરે છે. કોઈને પણ કલ્પના નથી હોતી કે ફિલ્મ પડદા પર આવશે ત્યારે શું થશે? આજે નાટકમાં પણ આમ થતું હોય છે, નાટક ખૂબ ચાલશે તેવું લાગે અને રજૂ થાય ત્યારે પ્રેક્ષકોનો પ્રતિભાવ અલગ હોય છે. આખું ચિત્ર વિપરીત થઈ જાય છે. શો પત્યા પછી વિચારતા થઈએ કે શું ભૂલ થઈ ગઈ? ક્યાં ચૂકી ગયા? પ્રેક્ષકોનો જે પ્રતિભાવ છે તે તદ્દન અનિર્ણાયક તબક્કો છે તેનું ભવિષ્યકથન કરી શકાય નહીં. અને આ જ તેની સુંદરતા છે.



શ્યામલ-સૌમિલની 'સ્વરસેતુ'ની પ્રવૃત્તિને ટીકુ તલસાણીયાએ હૃદયપૂર્વક બિરદાવી હતી.

**મને ઊડવાનો ખૂબ શોખ છે. હું વડોદરામાં પેરાકોપ્ટિંગ શીખી રહ્યો છે. ખૂબ સુંદર રમત છે. જેમાં ઊડતી વખતે જાણે સાચે જ પંખી બની આકાશમાં વિહરતા હોય તેવું લાગે. તેની એક મજા છે. મને બાઈક ચલાવવી ખૂબ ગમે છે. હાર્લી ડેવિડ્‌શન મારી ફેવરીટ બાઈક છે. તેને ચલાવીને હું આકાશમાં ઉડવા જેવો રોમાંચ અનુભવુ છું.**

**હાલ નાટકનો કેવો દોર ચાલી રહ્યો છે?**

પહેલાં એવું હતું કે કોમેડી આપો તો જ લોકો જોવા આવે. પણ, હું માનું છું કે હવે આમ નથી. એવું સુંદર કામ આપો કે લોકો ચોક્કસ તેના તરફ આકર્ષાય.

**'ક કાનજીનો ક' નાટક વિશે કાંઈ કહેશો?**

આ નાટકની કથા ઈશુ સાથે સંકળાયેલ છે. જેમાં શિક્ષણની વાત આવે છે. તેનો પ્લોટ દ.આફ્રિકાનો છે. જ્યાં શિક્ષણ મફતનું થઈ જાય છે કોઈ ફી લેવામાં આવતી નથી ત્યારે ૮૦ વર્ષના ડોસા ભણવા તૈયાર થાય છે અને એ વાતની આસપાસ પ્રસંગોને ગૂંથીને નાટક તૈયાર થયું છે. ૧૪૫ જેટલા શો થયા છે. લંડન, અમેરિકામાં વાત ચાલે છે બાકી તો સાઉથ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા જઈ આવ્યા. ઘણા સફળ પ્રયોગો રહ્યા છે. નાટક ખૂબ જ સુંદર લખાયું છે. આ નાટક મારા માટે એક માઈલસ્ટોન સમાન છે.

**પહેલા કરતા આજે કલાકારો પાસે વધારે વિકલ્પો છે તમને શું લાગે છે?**

તકો તો દરેક વળાંક પર રહેલી છે જરૂર છે તમારે યોગ્ય સમયે યોગ્ય તક જોવાની. તમે કઈ દૃષ્ટિએ જુવો છો તે અગત્યનું છે જેમાં અમુક તક રહી જાય અને અનાયાસે અમુક તક મળી પણ જાય.

ટેલિવિઝન, મીડિયા ઘણું ફેલાયેલું છે. પણ આજની તારીખમાં પણ લોકોને જે ગમે છે તે જ કરવું હોય છે અને ખરેખર તે ખૂબ સારી વાત છે. જે મળ્યું તે નહિ, તે જ સ્વીકારવું એમ પણ નહીં. હું ચોક્કસપણે માનું છું કે, જીવનમાં સુખી થવું હોય તો કાં તો 'કામને ગમતું કરો કાં તો ગમતું કામ કરો.'

**મુખ્ય શોખ?**

ઊડવાનો. મને ઊડવાનો ખૂબ શોખ છે. હું વડોદરામાં પેરાકોપ્ટિંગ શીખી રહ્યો છે. ખૂબ સુંદર રમત છે. જેમાં ઊડતી વખતે જાણે સાચે જ પંખી બની આકાશમાં વિહરતા હોય તેવું લાગે. તેની એક મજા છે. મને બાઇક ચલાવવી ખૂબ ગમે છે.

**આપની ફેવરિટ બાઇક?**

હાર્લી ડેવિડ્‌શન. એક બીજી બાઇક આવી રહી છે. રૉકેટ-૩, ૨૨૦૦- C.C નું એન્જિન છે. તે ચલાવીને પણ હું ઊડવા જેટલો રોમાંચ અનુભવુ છું.

**પ્રિય કવિ/લેખક?**

ઘણા બધા કવિ છે. જે સુંદર વાત લખે છે અને જે આપણાં હૃદયને સ્પર્શી જાય તે મારા માટે પ્રિય. આદિલ મન્સુરી, લાભશંકર ઠાકર, મનોજ ખંડેરિયા. તેમની કવિતાઓ તરબતર કરે તેવી હોય છે. હમણા મેં ઝવેરચંદ મેઘાણીને વાંચ્યા અને તેમના પ્રેમમાં પડી ગયો. આપણી પાસે ભરપૂર વાચનનો ખજાનો છે. જે જોઇએ તે વીણી લો.

**તમારા માટે સૌથી મૂલ્યવાન વસ્તુ શું?**

જીવન. મારા માટે જિંદગી સૌથી મૂલ્યવાન છે. દરેકે જીવી જાણવું જોઇએ.

**આદર્શ વ્યક્તિ?**

મારા માતા–પિતા મારા માટે આદર્શ છે. મારી માતા અભણ હતી. તેમણે અમને ભાઈ–બહેનને જે રીતે બાંધીને રાખ્યાં અને જે પ્રેમભાવનાનાં બીજ રોપ્યાં તે મારા માટે પ્રેરણાસ્રોત છે. બાકી બધેથી તમને કંઈ ને કંઈ શીખવા મળે છે. બાકી તો મન, મગજ ખુલ્લુ રાખો, અહ્મ ઓગાળી નાખો તો રસ્તે ચાલતા વ્યક્તિ પાસેથી પણ ચોક્કસ કંઈ ને કંઈ શીખવા મળે.

**પુનર્જન્મ લો તો શું થવું ગમે?**

ફરીથી અભિનેતા જ. બીજા ઘણા અભિનય કરવાના બાકી છે.

**'સ્વરસેતુ' વિશે આપનો અભિપ્રાય.**



ડૉ. શ્યામલ મુનશી પાસેથી ગુજરાતી ગીત-સંગીત વિશેની ઊંડી સમજ મેળવતા ટીકુ તલસાણીયા.

ખરેખર, ખૂબ સુંદર કામ કરી રહ્યા છો. ગુજરાતી ભાષાને જીવતી રાખવી અને આવા અભિગમથી જીવતી રાખવી ખૂબ પડકારજનક છે, લોકોને ગાતા કરી દેવા એ બહુ મોટી વાત છે. મારા માટે ગાયન બહુ મોટી વસ્તુ છે, એ એક પ્રકારે ભગવાનની સેવા જ છે, પૂજા છે. ગાઈને કોઈને જીવતા કરવાની તાકાત સંગીતમાં છે, સંગીતમાં એક ચમત્કારિક ગુણ છે. નાટક પછી ભાગ્યે જ એની અસર રહે છે જ્યારે સંગીત તો જીવતું રહે છે, ગવાતું રહે છે આપણી અને તમારી વચ્ચે. મને યાદ છે સન્મુખાનંદ હૉલમાં મહેદી હસનનો કાર્યક્રમ હતો, લગભગ ૨૦૦૦–૩૦૦૦ માણસો હતા અને બધા જ ગઝલો ગણગણતા હતા. આ ખૂબ સુંદર બનાવ હતો. એવો અદ્ભુત માહોલ હતો કે દરેક શ્રોતા તેમાં ડુબેલા હતા. હું તો વિચારું છુ કે મારે એકલાને ટાપુ પર રહેવાનું હોય તો મને સંગીત અને પુસ્તક આપી દો તો ભયોભયો. ◻

**પ્રિય પ્રવાસસ્થળ?**

હમણાં જ ઑસ્ટ્રેલિયા જઈ આવ્યો. ખૂબ સુંદર જગ્યા છે, સાઉથ આફ્રિકા પણ સુંદર છે. કેપટાઉન, આઈવરીકોસ્ટ ખૂબ સુંદર જગ્યા છે. ભારતમાં બાંધવગઢ, સિક્કીમ–ભૂતાન સરસ જગ્યા છે જ્યાં સુધી નજર કરો ત્યાં સુધી જમીન જ જોવા મળે. તમે જોયા જ કરો અને તેમાં ખોવાઈ જાવ. મારું સ્વપ્ન બાઈક પર મુંબઈ ટુ લેહ–લદ્દાખ જવાનું છે. જ્યારે ગુજરાતમાં અંબાજી, સોમનાથ, સાસણ ગીર ગમે છે. સોમનાથ તો અત્યંત પવિત્ર જગ્યા છે બાકી તો આખું ગુજરાત સુંદર છે. આપણાં ધાર્મિક સ્થળોમાં એક ગજબનું ખેંચાણ હોય છે, દ્વારકા, બેટ દ્વારકા ખૂબ સુંદર જગ્યા છે. ત્યાંથી પાછા આવવાનું મન જ ન થાય.



કેમેરાની આંખે

# ગીરનું હીર...





'સિંહ' શબ્દ કાને પડતાં જ આપણા મનઃચક્ષુ સમક્ષ એક ડાલામથ્થા, કેસરિયાળા, વિશાળકાયા ધરાવતાં ગગનભેદી ગર્જના કરતાં વિરાટ પ્રાણીનું દશ્ય અંકિત થઈ જાય. સમગ્ર એશિયામાં એકમાત્ર ગીરના જંગલમાં જ સિંહોની વસ્તી છે. ગીર પંથક સાથે સિંહનો નાતો કેટલો મજબૂત છે? તેનો જાતઅનુભવ જાણીતા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર મનોજ ધોળકિયા છેલ્લાં પચ્ચીસ વર્ષોથી કરી રહ્યાં છે. ગુજરાતની અસ્મિતાના પ્રતીક સિંહને જ્યારે મધ્યપ્રદેશમાં ખસેડવાની વાત આવી છે ત્યારે ગીરનાં જંગલમાં વસતાં સિંહોની બુલંદ ડણકને **મનોજ ધોળકિયા** પોતાની તસવીરોમાં રજૂ કરે છે. આપણે પણ તેમની દિલધડક તસવીરોના માધ્યમથી ગીર સેન્ચ્યુરીની ટ્રાવેલ કરીએ...

**છેલ્લાં** લગભગ ૨૫ વર્ષથી ગીરના જંગલમાં અનેકવાર રખડ્યો છું. હજી આજે પણ જૂનાગઢ નજીક આવે, ગિરનારની ટેકરીઓ દૂરથી દેખાય અને એક અજબ અનુભૂતિ થાય. કોઈક અતિપ્રિય સ્વજનને મળવાની અદમ્ય ઇચ્છા હોય તેમ જલદી ગીર પહોંચવાની ઇચ્છા થાય.

દુનિયાભરમાં ગૌરવવંતા ગુજરાતનું ગીરનું જંગલ એશિયાઈ 'સિંહ'ના છેલ્લાં નિવાસસ્થાન તરીકે પ્રખ્યાત છે. કહેવાય છે કે ભૂતકાળમાં સિંહ પર્શિયા, ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન બાજુથી ભારતમાં આવી પંજાબ, હરિયાણા અને ગુજરાતમાં વસ્યાં હતાં. જેમ વખત જતો ગયો તેમ ગુજરાત સિવાય બધેથી સિંહની વસ્તીનો લય થયો અને સમગ્ર એશિયામાં માત્ર ગીરના જંગલમાં જ સિંહ બચ્યાં.

ઈ.સ. ૧૯૦૦માં જૂનાગઢ નવાબે લૉર્ડ કર્ઝનને સિંહના શિકાર માટે આમંત્રેલાં. લૉર્ડ કર્ઝન આવ્યાં ત્યારે તેમણે સ્થાનિક દૈનિકમાં અનામી ચર્ચાપત્ર વાંચ્યું કે નિર્મૂળ થવાના આરે ઊભેલી આ વન્યપ્રાણીની જાતનો શિકાર બ્રિટિશ વાઈસરૉયના હાથે થાય તે અનૂચિત છે. આથી લૉર્ડ કર્ઝને શિકાર કરવાનું તો માંડી વાળ્યું, પરંતુ તે સમયે ખૂબ જ ઓછા બચેલા સિંહોને રક્ષણ પૂરું પાડવા માટે નવાબને આગ્રહ કર્યો. નવાબે તે વખતે સિંહને રક્ષિત પ્રાણી જાહેર કર્યું. તેમ છતાં ૧૯૧૩માં સિંહની સંખ્યા ૨૦ની જ હોવાનું જણાતા જૂનાગઢ રાજ્યે સિંહના શિકાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો અને કડક નિયમો કર્યા. ૧૯૨૦માં સિંહની સંખ્યા સારા એવાં પ્રમાણમાં વધી હતી અને આજે આ આંકડો ૨૦૧૦ની વસતી ગણતરી મુજબ ૪૧૧ને આંબી ગયો છે!

સને ૧૯૬૫માં ગીરનો ૧૨૬૫ ચોરસ કિલોમીટરનો વિસ્તાર અભ્યારણ્ય તરીકે જાહેર થયો અને તે પછી ૧૯૮૩માં ગીરને સેન્ચ્યુરી તથા નેશનલપાર્ક તરીકે પ્રસિદ્ધિ મળી.

ગીરના સિંહની ખાસિયત વિશે વાત કરીએ તો ગીરના સિંહો પોતાનો વિસ્તાર નક્કી કરી રાખે છે. જે લગભગ ૨૫ ચોરસ કિલોમીટરના વિસ્તાર જેટલો હોય છે. જો ભૂલે ચૂકે તેના વિસ્તારક્ષેત્રમાં બીજો કોઈ સિંહ આવી ચઢે તો બંને વચ્ચે ખૂંખાર જંગ પણ ખેલાય. સ્વભાવે સિંહ નિશાચર હોવાથી દિવસનો તડકો શરૂ થતાં સૂર્યની ગરમી વધતાં તે કરમદી કે બાવળના ઝાડની ઝાડીમાં કે ઢૂંસામાં ઘૂસી જાય છે અને આખો દિવસ આરામ કરે છે. આરામ ફરમાવ્યા બાદ

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૧૯૩૬ | ૨૮૭ |
| ૧૯૫૦ | ૨૨૭ |
| ૧૯૫૫ | ૨૯૦ |
| ૧૯૬૩ | ૨૮૫ |
| ૧૯૬૮ | ૧૭૭ |
| ૧૯૭૪ | ૧૮૦ |
| ૧૯૭૯ | ૨૦૫ |
| ૧૯૮૪ | ૨૩૯ |
| ૧૯૯૦ | ૨૮૪ |
| ૧૯૯૫ | ૩૦૪ |
| ૨૦૦૧ | ૩૨૭ |
| ૨૦૦૫ | ૩૫૯ |
| ૨૦૧૦ | ૪૧૧ |


ગીરના જંગલમાં બાળસિંહની મસ્તી

સાંજે વનરાજ આળસ મરડી ઊભો થઈ જંગલમાં લટાર મારવા કે શિકારની શોધમાં નીકળી પડે છે.

સિંહની શક્તિ પણ અકલ્પ્ય હોય છે. સામાન્ય રીતે મારણ પર તરાપ મારે તો વનરાજ આગલા પંજાની એક જ થપાટમાં હાથણી જેવી ગીરની ભેંસનો થાપો ભાંગી નાખવા સમર્થ હોય છે. તેની શક્તિનો ક્યાસ કાઢવાના પ્રયાસ પણ થયા છે. તેના પંજાનો ફોર્સ આશરે ૩ ટન વજન જેટલો હોય છે.

ગીરના સિંહનું કદ આફ્રિકન સિંહ કરતાં નાનું હોય છે અને ઓછી કેશવાળી ધરાવતાં હોય છે. સિંહના આગળના પગમાં પાંચ–પાંચ અને પાછળનાં પગમાં ચાર–ચાર એમ કુલ મળીને ૧૮ નખ હોય છે. તેની ગર્જના પાંચ કિલોમીટર દૂર સંભળાય છે. સિંહ પોતાના વસવાટના સ્થાનની હદનું નિશાન મૂત્રનો છંટકાવ કરીને કરે છે. ચોક્કસ સમયે ફરી મૂત્ર છંટકાવ કરી પોતાની જે–તે સ્થળનું નિશાન તાજું પણ રાખે છે. ગીરના સિંહને પેટ નીચે લટકતો ચામડીનો પટ્ટો હોય છે જે આફ્રિકન સિંહમાં જોવા મળતો નથી. એક પુખ્ત નર સિંહ એક સાથે ૧૮ કિલો માંસ ખાઈ શકે છે. સિંહ પોતાના શિકારને ગળાના ભાગમાંથી પકડી, દબાવીને અથવા ઘણીવાર નસકોરા અને મોઢાના ભાગને પકડીને તેને ગુંગળાવીને મારી નાંખે છે.

સિંહણના ગર્ભધારણનો સમય ૯૦ થી ૧૧૦ દિવસનો હોય છે અને તેના બચ્ચાની આંખો ૧૧ દિવસ પછી ખૂલે છે. ઘણીવાર અન્ય સમૂહનો સિંહ બચ્ચાવાળી સિંહણની નજીક પહોંચી જાય તો તેના બચ્ચાને મારી નાંખે છે. જેથી સિંહણ બે–ત્રણ દિવસમાં જ પાછી સંવનન માટે તૈયાર થઈ જાય.

વર્ષાઋતુને લીધે ૧૫ જૂનથી ચાર મહિના માટે ગીરનું જંગલ બંધ કરી દેવામાં આવે છે. જંગલખાતાની સતર્કતા તથા સૌરાષ્ટ્રના લોકોના સિંહપ્રેમને લીધે ગીરના જંગલમાં ૪૧૧ જેટલાં સિંહ મુક્તતાથી વિહરે છે. આગામી વર્ષોમાં પણ સિંહની સંખ્યા સતત વધતી રહેશે. આવનાર વર્ષોમાં પણ હજુ અનેકવાર ગીરનાં જંગલમાં રખડીશ અને એ વગડામાં પ્રવેશની સાથે લીધેલ દરેક શ્વાસ એટલો જ રોમાંચકારી રહેશે જેટલો પહેલીવારનો હતો.

ગીર મારે માટે શબ્દમાં વર્ણવવું મુશ્કેલ છે. પણ કદાચ મારા દ્વારા ગીરના દરેક વિસ્તારના ખૂણે–ખૂણે જઈને લેવામાં આવેલી તસવીરો જ તમને કાંઈક વિશેષ જણાવી શકે. **(જાણીતા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર મનોજ ધોળકિયાની સાથે દેવજ્ઞા જોષીએ કરેલ વાતચીતના આધારે)** □


શિકાર પર બાજ નજર


સાવજ ગરજે!
વનરાવનનો રાજા ગરજે
ગીરકાંઠાનો કેસરી ગરજે
ઐરાવતકુળનો અરિ ગરજે
કડય પાતળિયો જોદ્ધો ગરજે
મોં ફાડી માતેલો ગરજે
જાણે કો જોગંદર ગરજે
નાનો એવો સમદર ગરજે!

-ઝવેરચંદ મેઘાણી


મેટિંગ પીરિયડ





સિંહણ તેના પરિવાર સાથે



(તમામ તસવીરઃ મનોજ થોળકિયા)

જંગલના રાજાનુ બગાસુ



ગીરની ગોદમાં નિરાતનો શ્વાસ



વિશ્રામ

# અપ્રચલિત-રાગ કલાવર્ધિનીની સમજણ



ડૉ. મોનિકા શાહ

*'गुजरात मैं शास्त्रीय गायन के कलाकार कहाँ!'*
કંઈક ક્ષોભ, કંઈક ખેદ અને આશ્ચર્ય મિશ્રિત ભાવો સાથે હું ITC, કલકત્તા સંગીત રીસર્ચ એકેડમીના (SRA)ના સંગીતજ્ઞો સામે જોતી જ રહી ગઈ! SRA ના ૩૧ વર્ષના ઈતિહાસમાં હું ગુજરાતી શાસ્ત્રીય પ્રથમ ગાયક કલાકાર હતી કે જેનો ત્યાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો! મિત્રો, ગુજરાત માટે આ મ્હેણું કહેવાય અને તે દૂર કરવા આપણે સૌએ સહીયારો પ્રયાસ કરવો પડશે. અને ત્યાં પદ્મશ્રી એવોર્ડ વિજેતા પંડિત બલવંતરાય ભટ્ટનો બનાવેલ અપ્રચલિત કર્ણપ્રિય રાગ કલાવર્ધીની, સંગીત રસિકગણને ગુરુજનોને સંભળાવી ગુજરાતમાં શાસ્ત્રીય ગાયનના કલાકારો વસે છે અને કલાજગતને ઘણું પ્રદાન કરે છે. તેમ જણાવવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. તો મિત્રો આજે જાણીએ રાગ કલાવર્ધીની.

સાથે એક સુંદર વાત! SRAમાં રહેતા ગુરુઓમાંના એક ગુરુ ઉસ્તાદ અબ્દુલ રશીદખાં સાહેબ, તેમનો ઈન્ટરવ્યુ મારે લેવાનો હતો. ઉંમર તેમની ૧૦૭ વર્ષ! આંખ, કાન અને શરીર બરાબર સાથ આપતાં નહતાં પણ તેમનો અવાજ! આ હા હા! તેમને કંઈક ગાવાનું કહ્યું અને પાન ખાઈને દરબારી રાગ છેડ્યો. ૧૦૭ વર્ષની ઉંમરે આવો અવાજ! આવી બુલંદી! આવી સાધના! આવી ઈશ્વર



ઉસ્તાદ અબ્દુલ રશીદખાં સાહેબે સાથે ડૉ. મોનિકા શાહ

કૃપા! હું અવાક થઈ ગઈ! અને સાથે સાથે એક અદ્‌ભૂત વાત ઈન્ટરવ્યુ દરમિયાન જાણવા મળી. દૂર્ગા પૂજા વખતે કાન પાસે ફટાકડો ફૂટતાં થોડા સમય માટે તેમને બહેરાશ આવી ગઈ હતી. અને શ્રવણ શક્તિ ચાલી ગઈ હતી. પણ આતો સૂરનો સાચો આરાધક! મનમાં સૂર, હૃદયમાં સૂર! કંઠમાં સૂર! અને ૧.૩૦ કલાકની સભામાં ગાયન ગાયું. તેમના સૂર મૂજબ વાજિંત્રો મેળવ્યા અને એક સૂરીલા વાતવરણનો ઉદ્‌ભવ થયો! કદાચ આપણે કલ્પના પણ કરી શકીએ કે શ્રવણ શક્તિ વિનાનો માણસ Concert ગાઈ શકે! મિત્રો, આ છે સાધના! આ જ છે સાચી આરાધના!

રાગ–કલાવર્ધિની

*कलावती मधुमय अवरोही।*
*मृदु गांधार रि सुध्ध सँजोई।।*
*गुरु सप्रेम निज शिष्य बुलाये।।*
*कलावर्धिनी सिद्धि बताये।।*

કલાવતીના અવરોહમાં કોમળ ગંધાર તથા શુદ્ધ રિષભ લગાડવાથી કલાવર્ધિનીનું સ્વરૂપ બને છે. જેમ કે, 'ગ પ ધ ની ધ પ, ગ – – રે સા'. બાકી બધુ કલાવતી પ્રમાણે જ છે. અવરોહી ક્રિયામાં પંચમથી કોમળ ગંધાર પર આવતી વખતે કોમળ ગંધારને થોડો શુદ્ધ મધ્યમનો સ્પર્શ લાગે તો તેનાથી રાગ હાનિ નથી થતી. આ રાગનો ગાવાનો સમય સાયંકાલ છે. કલાવર્ધિનીનો વાદી પંચમ અને સંવાદી ષડજ છે.

**આરોહઃ** સા ગ પ ધ, ની ધ સાં

**અવરોહઃ** સાં નીધપ, ગપધની ધપ, ગનીધપ ગરેસા

**પક્કડઃ** [મ]ગપધની ધપ, ગનીધપમગરે, ની ધ સા

**રાગ**-કલાવર્ધિની–**તાલ**-પંજાબી ઠેકો

સ્થાયીઃ–
અબ ખેલન લાગે કન્હાઈ
હિય હુલસ નિરખત જસુમતી માઈ. ।

**અંતરાઃ-**
મુખ દેખે ચંદ છબિ લાજે
મધુ મંદ કરધની બાજે
નર ચરિત કરત પ્રભુ 'ભાવ' મગન
ગંધર્વ સિદ્ધ સોઈ ગાઈ. ॥

## સ્થાયી

| X | | | | ૨ | | | | ૦ | | | | ૩ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ગપ | પધ | ની | -ધ | - | પ | ગ | રે | - | સા |
| | | | | | | અ- | બ- | ખે | -લ | - | ન | લા | ગે | - | ક |
| રે | - | - | - | સા | રે | ની | ની | સા | ગ | - | સા | ગ | પ | ગ | પ |
| ન્હા | - | - | - | ઈ | હિ | ય | હુ | લ | સ | - | નિ | ર | ખ | ત | જ |
| ધ | ની | ધ | સાંની | સાંની | ધપ | | | | | | | | | | |
| સુ | મ | તિ | મા- | -- | ઈ- | | | | | | | | | | |

## અંતરા

| X | | | | ૨ | | | | ૦ | | | | ૩ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | સાં | રેં | ની | -ધ | પ | ગ | પ | ધ | (સાં)ની | ધ |
| | | | | | | મુ | ખ | દે | -ખે | - | ચં | - | દ | છ | બી |
| સાં | - | - | - | સાં | - | (સાં)ની | ની | સાં | ગં | ગં | રેં | સાં | રેં | ની | ધ |
| લા | - | - | - | જે | - | મ | ધુ | મં | - | દ | ક | ર | ધ | ની | - |
| સાં | - | - | - | સાં | - | સાં | ની | સા | ગં | ગં | પં | ગં | સાં | ની | (પ)ની |
| બા | - | - | - | જે | - | ન | ર | ચ | રિ | ત | ક | ર | ત | પ્ર | ભુ |
| સાં | રેંસાં | ની | સાંની | ધ | પ | સા | - | (પ)ગ | પ | ગ | પ | ધ | પ | ધ | (સાં)ની |
| ભા | -- | વ | મ- | ગ | ન | ગં | - | ધ | - | ર્વ | સિ | - | દ્ધ | સો | - |
| ધ | (સાં)ની | સાં | ધની | સાંની | ધપ | | | | | | | | | | |
| ઈ | ગા- | | -- | -- | ઈ- | | | | | | | | | | |

drmonicashah@yahoo.com



જીતેન્દ્ર ઠક્કર

# 'સુગમ સંગીત એટલે બોડી બામણીનું ખેતર?'



જાણીતા નાટ્યકાર, કલાપ્રેમી અને સૌના માનીતા લલિતકલા અકાદમીના સેક્રેટરી જીતેન્દ્ર ઠક્કર આ વખતે 'સ્વરસેતુ'ના અતિથિ કટાર લેખક છે. વાત-વાતમાં અને શબ્દે-શબ્દે હાસ્ય નિષ્પન્ન કરવું તે જીતેન્દ્રભાઈનો સ્વભાવ છે. તેમના પરિચયમાં આવનાર સૌ કોઈ તે જાણે છે. અહીં તેઓએ સંગીતના પ્રસંગોને પોતાની આગવી સ્ટાઈલમાં રજૂ કરીને વાંચકોને હસાવવાનો પ્રયત્ન કર્યો છે. વૅકેશન અને પ્રવાસના આ દિવસોમાં હાસ્યરસને પણ માણીએ.

'બોસ કમાણી તો મ્યુઝિક (સંગીત)ના પોગ્રામ (પ્રોગ્રામ)માં જ છે,' પાનની પિચકારી મારતા મનીયા માદરપાટે જ્ઞાન આપવાનું ચાલુ કર્યું. સામે ઊભેલો હીતિયો ઊછળ્યો, 'સવાલ જ નથી બોસ હું તો નાનપણથી જ સુગમસંગીતની વચ્ચે જ ઊછર્યો છું. મારા બાપા રોજ બાજુવાળા વાસંતીમાસીને, 'તારી આંખનો અફીણી' સંભળાવતા અને મારી મમ્મી રોજ પપ્પાને સંભળાવતી 'તમે થોડા થોડા થાઓ વરણાગી' જો કે વાસંતમાસી રતાંધળા હતાં એ વાત ખબર પડતાં મારા પપ્પાએ સુગમ સંગીત ગાવાનું બંધ કરીને શાસ્ત્રીય સંગીત ઉપર હાથ અજમાવેલો... કાયમ રાગડા તાણે... મમ્મીને આ બહુ ગમતુ, આમ હું સંગીતનો જાણકાર બની ગયો.' મનીયાએ, હિતીયાની વાત સાંભળી એને મ્યુઝિક પાર્ટી શરૂ કરવાની શિખામણ આપી.. હિતિયો પણ આ વાતમાં રસ પડ્યો... એણે સુગમસંગીત સ્પર્ધા અને સંમેલન યોજવાનું ફાઈનલ કર્યું...

હિતિયાએ ઉધારીમાં જાહેરાત આપીને સંગીત કાર્યક્રમનું નાળિયેર વધેર્યું. ચાની કીટલી ઉપર સંગીતના કહેવાતા ઉદ્ધારકો ભેગા થઈને હિતિયાના કાર્યક્રમનું કેમ કરી નાખવું, એ માટે સલાહો આપતા હતા.. મહેશ મહેસાણાવાળાએ તો આ કાર્યક્રમનું વિનામૂલ્યે સંચાલન કરશે એવી જાહેરાત કરી દીધી... મહેશિયો એટલે મહેસાણાથી તડીપાર થયેલી આઈટમ, કોઈની પણ શાયરી પોતાના નામે રજૂ કરતા સહેજ પણ શરમ ન આવે... સોહરાબ મોદી જેવો કંઠ, આ કંઠમાં એ જ્યારે મહેસાણાના જાહેર કાર્યક્રમમાં 'નયનને બંધ રાખીને' ગીત ગાય ત્યારે સંતોનાં મુખમાંથી પણ ગંદી ગાળ સહેલાઈથી સરી પડે. બે-ત્રણ વાર તો એના કાર્યક્રમો પછી પોલીસે ૧૪૪મી કલમ જાહેર કરવી પડેલી. ચારથી વધારે ભેગા થાય તો મહેશિયો ગાયને! પણ આ તો મહેશિયો, ગાયને ઊભી રાખીને પણ ગાય. આમ મહેશિયાએ જાતે જ કાર્યક્રમનું સંચાલન કરવાનું પાકું કરી નાખ્યું. હવે સ્પર્ધાના નિર્ણાયકો કોને રાખવા? એ પ્રશ્ન ઊભો થયો. સિનિયર સંગીતકારોને જ રાખવા એવું

નક્કી થયુ. ચિમન ચૌદશે ઊભાઊભા. ત્રણ સિનિયરના નામ બોલી નાખ્યાં. આ સિનિયરો ભૂતકાળમાં માત્ર ખંજરી અને મંજીરા વગાડતા હતા. આજે ૭૨ થી ૭૫ વર્ષના થયા હતા. આ ત્રણેના કાન ગયેલા હતા. એકને તો ઝામરના કારણે તમામ માણસો ગાયો જેવા દેખાતા હતા. આ ત્રણ નિર્ણાયકોએ સેવા આપવાનું સ્વીકાર્યું. માત્ર લાવવા લઈ જવાની જવાબદારી આયોજકોની 'બસ થયું ને પાક્કું? ચિમનિયાએ છાતી ઠોકીને બે અડધીનો ઑર્ડર આપ્યો. નિર્ણાયકમાં રવિશંકર શાસ્ત્રી, ઉમેશ ઘાલમેલિયા અને ઉસ્તાદ બબાલખાનનું નક્કી થયું. એમાં ઉસ્તાદ બબાલખાન એટલે આંખ અને કાન બન્ને ખોઈ ચૂકેલી આઇટમ. ઉપરવાળાને ત્યાં R.A.Cમાં રિઝર્વેશન પણ થઈ ચૂકેલું. આમ અવળા શ્રીગણેશ થયા. સૌરાષ્ટ્ર અને મહેસાણાથી ખૂબ એન્ટ્રી આવી. મોટા ભાગના સુગમસંગીત એટલે શું? એ પણ નહોતા સમજતા. જો કે આયોજકોમાં પણ આ બાબતનો પ્રાથમિક અભાવ હતો જ. છેવટે ૧૦ સૌરાષ્ટ્રના અને ૫ મહેસાણા જિલ્લાના સ્પર્ધકો પસંદ થયા. દરેકની પાસે થી ૫૦૦ રૂ./- એન્ટ્રી ફી લેવામાં આવી. આમ ૭,૫૦૦/- રૂપિયા ભેગા થયા. સ્પર્ધાની આગલી સાંજે સફળ આયોજન માટે અભિનંદન આપવાના બહાને રૂ. ૫૦૦ ના ફાફડા-જલેબીનું આયોજન કરી નાખ્યું. સાત હજાર રૂપિયામાં બે હજારની વાડી બુક કરાવી, પાંચ હજારની સાઉન્ડ સિસ્ટમ લાવ્યા. છેવટે સ્પર્ધાનો દિવસ આવી પહોંચ્યો. ગામના બધા જ સુગમસંગીતના ચાહકો, કલાકારોને ખાસ આમંત્રણ આપવામાં આવ્યુ. દરેક જણ કંઈક ભગો થશે એ જોવા આવ્યા હતા. ગણતંત્ર દિવસ જેવું લાગતું હતું. મોટાભાગના બધા પ્રેક્ષકો ચિત્ર વિચિત્ર ઝભ્ભાઓ પહેરીને આવ્યા હતા. ઝભ્ભાની વેશભૂષા હરીફાઈ જેવું વાતાવરણ સર્જાયું. એનાઉન્સર મહેશ મહેસાણાવાળાએ બરાડવાનું શરૂ કર્યું. એણે તુષાર શુક્લને ક્યાંક જોયા હશે એટલે એણે એમની સ્ટાઈલમાં બોલવા પ્રયાસ કર્યો. પણ એને અને સાહિત્યને બાર ગાઉનું છેટું... વ્હાલા ભાઈઓ અને બુનોથી શરૂઆત થઈ. ભેંસો ચરાવવા નીકળેલા ભાઈ ભૂલથી સ્ટેજ પર આવી ગયા હોય તેવું લાગતું હતું.

**નિર્ણાયકોને ટીંગાટોળી કરીને સ્ટેજ પર ગોઠવ્યા. મહેશિયાએ નિર્ણાયકોનો પરિચય કરાવ્યો. બધાને લાગ્યું કે, આ ગયેલી આઈટમોને નિર્ણાયક તરીકે બેસાડી છે. ત્રણેને ભરઉનાળે શાલ ઓઢાડવામાં આવી. હૉલમાં પંખા માંડ માંડ ચાલતા હતા. લોકો પરસેવે રેબઝેબ હતા છતાં આ પરિસ્થિતિમાં પણ નિર્ણાયકોએ શાલ ચોરાઈ જવાની બીકે ઓઢેલી જ રાખી.**

નિર્ણાયકોને ટીંગાટોળી કરીને સ્ટેજ પર ગોઠવ્યા. મહેશિયાએ નિર્ણાયકોનો પરિચય કરાવ્યો. બધાને લાગ્યું કે, આ ગયેલી આઇટમોને નિર્ણાયક તરીકે બેસાડી છે. ત્રણેને ભરઉનાળે શાલ ઓઢાડવામાં આવી. હૉલમાં પંખા માંડ માંડ ચાલતા હતા. લોકો પરસેવે રેબઝેબ હતા છતાં આ પરિસ્થિતિમાં પણ નિર્ણાયકોએ શાલ ચોરાઈ જવાની બીકે ઓઢેલી જ રાખી. સ્પર્ધા શરૂ થઈ. સૌરાષ્ટ્રના વીરલાઓએ સુગમસંગીતના બેનર હેઠળ છંદ અને દુહા ચાલુ કર્યાં. માઈકવાળાએ કંટાળીને માઈક બંધ કર્યા તો પણ આ વીર પુરુષના અવાજો આજુબાજુના દસ માઈલના વિસ્તારમાં સંભળાતા હતા. આટલા અવાજોમાં પણ બે નિર્ણાયકો ઝોકે ચઢ્યા હતા. એક નિર્ણાયક તો આંખ અને કાન બંનેમાં નબળા હતા. એટલે ત્રણેય નિર્ણાયકો રામ-ભરોસે હતા. મહેસાણા જિલ્લાના જગુદન અને ઝુલાસણવાળા સ્પર્ધકોએ તો ભજન-રાસ અને ગરબા ચાલુ કર્યા. ભેંસાસુરથી પણ બીજો કોઈ ઉચ્ચ કક્ષાનો સૂર હોય તેવા સૂરે શરૂ કર્યું. જાણકાર સુગમ-સંગીતના તજજ્ઞો, નિષ્ણાતો રડી પડ્યા. તેમની આખી જિંદગી એળે ગઈ હોય તેવું લાગ્યું. બે ત્રણ નમૂનાએ તો ગાતાં પહેલાં જાહેર કર્યું કે શ્યામલ-સૌમિલને સાંભળીને અમે આ કક્ષાએ પહોચ્યા છીએ. પ્રેક્ષકોએ આયોજકો પાસેથી શ્યામલ-સૌમિલના સરનામા માંગવાનું શરૂ કર્યું. સ્પર્ધાના અંતે ત્રણ નિર્ણાયકો સિવાય કોઈ બેઠું ન હતું. નિર્ણાયકોને પણ હડસેલા મારીને જગાડવા પડ્યા. સ્પર્ધાનો કરુણ અંત આવ્યો. આ સુગમસંગીત હતું કે ગમ સંગીત એ જ ખબર ના પડી. સારા વાતાવરણને ગમમાં ફેરવી નાખે એવું આ સુગમસંગીત હતું.

સ્પર્ધાને અંતે હૉલવાળાએ ક્યારેય આવી સ્પર્ધા માટે હૉલ ભાડે ન આપવાની પ્રતિજ્ઞા લીધી... આયોજક હિતીયાએ પોતાનું એક માત્ર સ્કુટર વેંચવું પડ્યું... બીજા દિવસે છાપામાં શ્યામલ સૌમિલે પોતાનાં ખર્ચે જાહેરાત આપવી પડી કે 'તાજેતરમાં યોજાયેલ સુગમ સંગીત સ્પર્ધા સાથે અમારે કોઈ લેવા દેવા નથી.' તુષાર શુક્લ પણ મહિના માટે હીલ સ્ટેશન પર ચાલ્યા ગયાનું સાંભળવા મળ્યું છે. ◻

# કલાસંસ્થાઓમાં ઝળહળતો 'સપ્તર્ષિ'નો સિતારો

ગુજરાતી સંસ્કૃતિની સુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે. તેના મૂળમાં આપણી કલાસંસ્થાઓ રહેલી છે. જે સતત આપણી અસ્મિતા અને સંસ્કૃતિને જાળવવાના પ્રયત્નો કરતી રહે છે. અહીં આપણે આવી જ કેટલીક સંસ્થાનો પરિચય કરીશું. જેમાં આ વખતે સુરતની 'સપ્તર્ષિ' સંસ્થાનો પરિચય મેળવીએ...

**દેવજ્ઞા જોષી**




'સપ્તર્ષિ'ના મંચ પર કાર્યક્રમ રજૂ કરતાં અનુપ જલોટા.

૩૫ વર્ષથી એકપણ ફોર્મલ મિટીંગ ન થઈ હોય અને બધા નિર્ણયો મિત્રતાસભર બેઠકમાં થતા હોય એકની એક કમિટી હોય. એકનો એક સ્ટેજ ડેકોરેટર હોય, એક એકનો એક માળી હોય અને પ્રમુખ પણ આટલાં વર્ષોથી એકનો એક હોય તેવી કોઈ કલાસંસ્થાનું નામ તમે ક્યારેય સાંભળ્યું છે ખરું? કદાચ નહીં. પરંતુ હા આવી એક કલાસંસ્થાનું અસ્તિત્વ સુરતમાં છે અને તેનું નામ છે 'સપ્તર્ષિ'.

When, Where અને Why શબ્દ 'સપ્તર્ષિ'ના કમિટી મેમ્બર્સ ક્યારેય ઉચ્ચારતા નથી. કમિટીનો કોઈ એક વ્યક્તિ નક્કી કરે એટલે બધા જ એ નિર્ણયનો સ્વીકાર કરી લે છે.

'સપ્તર્ષિ'નું ૩૫ વર્ષોથી પ્રમુખપદ શોભાવતા જાણીતા શાયર, નાટ્ય કલાકાર અને હીરાના વેપારી અમર પાલનપુરી કહે છે કે, 'સપ્તર્ષિ'ની સ્થાપનાની ઘટના પણ ઘણી રસપ્રદ છે. અમરભાઈ જણાવે છે કે, ૧૯૭૬-૭૭માં કદીર પીરઝાદા, સ્વ. મનોજ પુરોહિત, રાજેશ દેસાઈ, મકરંદ દેસાઈ, વિદુર નાઝર, મહેરનોશ કરંજિયા, તથા કુકુલ તારમાસ્ટર આ 'સપ્તર્ષિ'ના સાત ઋષિઓએ આ કલા સંસ્થાની સ્થાપના કરી તેના નેજા હેઠળ ગુજરાત રાજ્ય યુવક મહોત્સવમાં પોતે ભાગ લઈ પારિતોષિકો જીત્યા અને તેમાં સમુહગીતમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કર્યું. જેની ઉજવણી અર્થે આયોજીત કાર્યક્રમમાં મને મુખ્ય મહેમાન તરીકે આમંત્ર્યો. જે કાર્યક્રમ દરમિયાન તેઓની સરસ પ્રવૃત્તિને જોઈ મેં તેઓને એક કલાસંસ્થા સ્વરૂપે બહાર નીકળવાનું કહ્યું. આ વિચારના બીજથી ૧૯૭૮માં 'સપ્તર્ષિ'ની વિધિવત સ્થાપના થઈ. અને એકાદ વર્ષ પછી મને તેમાં પ્રમુખપદે પણ નીમી દીધો. જે આજ પર્યન્ત છું. મારી અને છોકરાઓ વચ્ચે ૨૫-૩૦ વર્ષનો તફાવત છે. મને અત્યારે ૭૮ વર્ષ થયા છે.

'સપ્તર્ષિ' સંસ્થાની કમિટી અંગે વિસ્તારથી જણાવતા અમરભાઈ કહે છે કે, તેના પ્રમુખ તરીકે હું છું. ઉપપ્રમુખ-કદીર પીરઝાદા(માજી મેયર), મહામંત્રી-રાજેશ દેસાઈ (CA), ખજાનચી-મકરંદ દેસાઈ છે જ્યારે સૈફી બદ્રી, કુકુલ તારમાસ્ટર, ડૉ. હેમંત પરીખ કમિટી મેમ્બર્સ છે. મારી પત્ની મિનુ પાલનપુરી પણ સંસ્થાની પ્રવૃત્તિમાં એટલી જ મદદરૂપ થાય છે.

'સપ્તર્ષિ'ના પ્રારંભે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, દરેકે ૧૦-૧૦ મેમ્બર્સ લઈ આવવાના. ૮૦ રૂપિયાની કપલ મેમ્બર્સ ફી રાખી હતી. ૪૦ મેમ્બર્સ થયા એટલે રાજકુમાર રિઝવીનો પહેલો પ્રોગ્રામ અમે કર્યો હતો. ત્યારબાદ 'સપ્તર્ષિ'એ ક્યારેય પાછું વળીને જોયુ નથી. વર્ષનાં પાંચ પ્રોગ્રામ કરવાની ટેક સાથે અત્યાર સુધીમાં 'સપ્તર્ષિ'એ ૨૦૦ જેટલા કાર્યક્રમો કર્યા છે. જેમાં ગઝલ, સુગમસંગીત, નાટક, ડાયરા, મુશાયરા, કવિ સંમેલન, કવ્વાલી, નૃત્ય વગેરેનો સમાવેશ થાય છે.

'સપ્તર્ષિ'ના સ્ટેજ પર તલત મહેમૂદ, મન્ના ડે, મહેંદી હસન, જગજિત સિંઘ, પંકજ ઉધાસ, અસલમ ખાન, ઝાકિર હુસૈન, ગુલામઅલી, મિતાલી મુખરજી, પરવેઝ મહેંદી, છોટેયુસુફ-બડેયુસુફ, શકીલાબાનુ ભોપાલી, મનહર ઉધાસ, અનુપ

જલોટા, રાજેન્દ્ર–નીના મહેતા, પીનાઝ મસાની, અશોક ખોસલા, ચંદન દાસ, રાહત અલી, ઉષા ટંડન વગેરે કલાકારો ઉપરાંત ગુજરાતી સુગમસંગીત અને ડાયરાના જાણીતા કલાકારો પણ સપ્તર્ષિના તખ્તે પરફોર્મન્સ આપી ચૂક્યા છે.

અમરભાઈ કહે છે કે, કોઈપણ કલાકારમાં દમ લાગે તો તેનાથી અમે અમારા દર્શકોને વંચિત રાખવા માગતા નથી. અત્યાર સુધીમાં અમે દર્શકોને ૨૫ જેટલાં પ્રથમકક્ષાના નાટકો પણ બતાવ્યા છે. તો જુનિયર કેલાલના જાદુના શો પણ દર્શકોને બતાવ્યા છે. દેશ–વિદેશના કવ્વાલોએ સપ્તર્ષિના તખ્તે કવ્વાલીની જમાવટ કરી છે તો ઉર્દૂ અને ગુજરાતી મુશાયરા યોજીને જાણીતા કવિ–શાયરને પણ 'સપ્તર્ષિ' સુરતને આંગણે બોલાવી ચૂકી છે.

ગુજરાતને ગાતું કરનાર ગીત–સંગીતકાર અવિનાશ વ્યાસનું અવસાન થયું ત્યારે અમરભાઈએ પોતાના પરમ મિત્રને વિશેષ અંજલિ આપવા 'પાંદડું પીળું ને રંગ રાતો' (પાંદડું લીલો ને રંગ રાતો નહીં...) નામનો ભવ્ય કાર્યક્રમ કર્યો હતો જેમાં અવિનાશભાઈના ગુજરાતી ગીતોને કંઠ આપનાર આશા ભોંસલે, મહેન્દ્ર કપૂર વગેરેને 'સપ્તર્ષિ'માં તેડાવેલાં. આશા ભોંસલેને કોઈની સાથે ન ગાવાનો કોન્ટ્રાક્ટ હતો તેમ છતાં તેઓ ગૌરાંગ વ્યાસના કહેવાથી મારા આંગણે આવ્યાં હતાં અને માડી તારું કંકુ ખર્યું ને... ગાયું પણ ખરું! આ ઉપરાંત રાસબિહારી દેસાઈના નેતૃત્વ તળે 'સપ્તર્ષિ'એ એક સુગમસંગીતનો કાર્યક્રમ પણ કર્યો હતો. જેમાં શ્યામલ–સૌમિલ, ઐશ્વર્યા મજમુદાર વગેરે કલાકારોએ પણ પરફોર્મન્સ આપ્યું હતું. અમરભાઈ કહે છે કે, સપ્તર્ષિએ આજ સુધી કોઈને મોટામાં મોટી અંજલિ આપી હોય તો તે પરેશ ભટ્ટને આપી છે. 'સપ્તર્ષિ'નો તખ્તે કોઈ પણ પ્રોગ્રામ યોજાય પણ તેનો પ્રારંભ પરેશ ભટ્ટે 'સપ્તર્ષિ'માં ગાયેલી પ્રાર્થનાથી જ થાય. પરેશ ભટ્ટના અવાજમાં ગવાયેલી પ્રાર્થના

'*या कुन्देन्दुतुषारहारधवला...*'ની કેસેટ

> **'સપ્તર્ષિ'ના સ્ટેજ પર તલત મહેમૂદ, મન્ના ડે, મહેંદી હસન, જગજિત સિંઘ, પંકજ ઉધાસ, અસલમ ખાન, ઝાકિર હુસૈન, ગુલામઅલી, મિતાલી મુખરજી, પરવેઝ મહેંદી, છોટેયુસુફ–બડેયુસુફ, શકીલાબાનુ ભોપાલી, મનહર ઉધાસ, અનુપ જલોટા, રાજેન્દ્ર–નીના મહેતા, પીનાઝ મસાની, અશોક ખોસલા, ચંદન દાસ, રાહત અલી, ઉષા ટંડન વગેરે કલાકારો ઉપરાંત ગુજરાતી સુગમસંગીત અને ડાયરાના જાણીતા કલાકારો પણ પરફોર્મન્સ કરી ચૂકયા છે.**

વાગે પછી જ બધા કાર્યક્રમો શરૂ થાય છે. આ બાબતે અમરભાઈ કહે છે કે, મેં પરેશ ભટ્ટની શોકસભામાં જ કહ્યુ હતું કે, જ્યાં સુધી જીવું છું અને પ્રમુખ છું ત્યાં સુધી 'સપ્તર્ષિ'નો પડદો પરેશ ભટ્ટના અવાજ વગર નહીં ખૂલે!

'સપ્તર્ષિ' સંસ્થાની મેમ્બરશીપ વિશે વાત કરતાં તેઓ કહે છે કે આજ સુધી 'સપ્તર્ષિ'ની ખાસ કોઈ મેમ્બરશીપ (ચૂકતુ) નથી. આજે અમારી પાસે ૭૫૦(૩૨૫ કપલ) જેટલા મેમ્બર્સ છે. જ્યારે ૧૫૦ જેટલા વેઈટીંગમાં છે કારણ કે, કોઈ વ્યવસાયિક અભિગમ નથી. ન તો પૈસો કમાવવાની લાલચ કે ન તો નામ કરવાનો ઈરાદો, ફક્ત ને ફક્ત સંગીતની સેવાનો ઉદ્દેશ્ય. જેમાં ધ્યાનાકર્ષક બાબત એ રહી છે કે, દરેક કમિટી મેમ્બર્સ પણ દર વર્ષે પોતાની સભ્ય ફી જમા કરાવે છે. બીજી અગત્યની વાત જણાવું તો અમે ક્યારેય મેમ્બર્સને સીટનંબર નથી આપતાં, વહેલો તે પહેલાના ધોરણે એન્ટ્રી આપીએ છીએ, તેમ છતાં ક્યારેય ધક્કામુક્કી, બોલાચાલી પણ થઈ નથી! હંમેશા વહેલા તે પહેલાનાં ધોરણે મેમ્બર્સ આવે છે અને પોતાની સીટ ગ્રહણ કરી કાર્યક્રમને માણે છે.

સપ્તર્ષિના નિયમો થોડાક કડક છે. આ બાબતે અમરભાઈ કહે છે કે, કાર્યક્રમમાં બેસવા માટે અમારી સાથે કોઈ દલીલ કે ગેરવર્તન કરે તો અમે તેને તેની મેમ્બરશીપની ફીનો ચેક પાછો મોકલી આપીએ છીએ અને સાથે એક વાક્ય પણ તેને લખીએ છીએ કે 'અમે આપના સ્વભાવને અનુકૂળ થઈ શકીએ તેમ નથી.

અમરભાઈ ગર્વ સાથે કહે છે કે, આટલાં વર્ષોમાં કાર્યક્રમ દરમિયાન કોઈ બોલાચાલી, તૂં–તાં કે દર્શકોમાંથી કોઈએ ક્યારેય સિટી પણ વગાડી નથી. ઓડિયન્સ એટલું જ અદબ ધરાવતું છે. આજ કારણે કદાચ કલાકારો સામેથી કહે છે કે, 'સપ્તર્ષિ'માં અમારો પ્રોગ્રામ ક્યારે ગોઠવો છો!

જેમ 'સપ્તર્ષિ'ના પ્રોગ્રામ લોકોનાં આકર્ષણનું કેન્દ્ર છે તેવી જ રીતે મંચ સજાવટ પણ 'સપ્તર્ષિ'નું જમાપાસું છે. પડદો ખૂલે તે પહેલાં જ મંચ સજાવટ અને લાઈટિંગની એક ઝલક જોવા માટે દર્શકો પોતાની સીટ પર ગોઠવાઈ જાય છે. 'સપ્તર્ષિ'ને સુરત સિવાય

અન્ય શહેરમાં વિસ્તાર કરવાની યોજના વિશે પૂછતાં સંસ્થાના પ્રમુખ અમરભાઈ જણાવે છે કે, 'સપ્તર્ષિ'ને અમે સુરત પૂરતી જ રાખવા માંગીએ છીએ. અત્યાર સુધીમાં ગુજરાતનાં ઘણાં શહેરોમાંથી ફ્રેન્ચાઈઝી માટે ઓફર મળી છે. પરંતુ અમારે વિખરાવવું કે વ્હેંચાવું નથી. એક જ સંસ્થા થકી સંગીતની સેવા કરવી છે. ખરો કલાકાર અને ખરો કારીગર પોતાની હથોડી બીજાને મારવા આપે નહીં એમ અમે પણ સુરત પૂરતાં જ સિમીત રહેવા માંગીએ છીએ.

'સપ્તર્ષિ'ની સફળતામાં પણ પડકારો રહેલાં છે. આ વિશે વાત કરતાં તેઓ કહે છે, ઘણીવાર નાણાકીય ભીડ પડે તો અમે આર્ટિસ્ટને સમજાવી લઈએ ભાઈ આ ભેખધારી સંસ્થા છે. થોડું આપણે એડજેસ્ટ કરીએ. તેમ છતાં આજ સુધી કોઈ કલાકાર કે કવિએ અમારી સાથે ભાવ-તાલ કર્યા નથી તેમજ અમે પણ કોઈને ક્યારેય ઓછું આપ્યું નથી. અમરભાઈ ઈચ્છે છે કે, કલા અને સંસ્કૃતિની જાળવણી કરતી 'સપ્તર્ષિ' અને 'સ્વરસેતુ' જેવી કલાસંસ્થાઓને પણ સરકાર તેમજ જે-તે શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશનનો સહયોગ મળે તો આ સંસ્થાઓ વધુ મજબૂત બનીને કામ કરી શકે તેમ છે.



સપ્તર્ષિ દ્વારા આયોજિત રાજેન્દ્ર-નીના મહેતાના કાર્યક્રમ દરમિયાન મહેમાન સુલોચના વ્યાસ, ડૉ. હેમંત પરીખ, રાજેશ દેસાઈ, અમર પાલનપુરી,કદીર પિરઝાદા, મકરંદ દેસાઈ, મેહરનોશ કરંજીયા, વિદુર નાઝર, ફુફુલ તારમાસ્ટર.

કલા-સંસ્કૃતિ માટે દિવસ-રાત એક કરીને કામ કરી રહેલી આવી સંસ્થાઓને થિયેટર બૂકિંગમાં પ્રાયોરિટી, ભાડામાં કન્સેશન વગેરે સવલત સરકાર તરફથી મળવી જોઈએ.

અત્યારે કલાનો કેવો દોર ચાલી રહ્યો છે? તેવા સવાલમાં અમરભાઈ કહે છે, ભાઈ આજે કલાકાર ઘણો મોંઘો થઈ રહ્યો છે. જે કાર્યક્રમના અમે એક સમયે ૫૦ હજાર રૂપિયા ખર્ચતાં હતાં તે કાર્યક્રમ કરવામાં આજે ૨-૩ લાખ રૂપિયાનો ખર્ચો થઇ જાય છે. અમરભાઈ કહે છે કે, હું પોતે પણ કલાકાર છું અને સમજુ છું કે, કલાકાર થોડા વર્ષ સુધી જ તખ્તા પર રાજ કરે છે એટલે તે બે હાથે પૈસા માંગવાનો જ છે. તેને પણ પેટ છે. પરંતુ 'સપ્તર્ષિ' આ બાબતે સદ્ભાગી રહ્યું છે. આજ સુધી કોઈ કલાકારે પૈસા બાબતે અમારી સામે મોઢું મરડ્યું નથી અને અમે પણ ક્યારેય કોઈને ઓછું આપ્યું નથી.

'સપ્તર્ષિ' બાબતે ભવિષ્યની યોજના અને ઈચ્છા અંગે વાત કરતાં તેઓ કહે છે કે ભવિષ્યમાં અમે 'સપ્તર્ષિ'માં યોજાયેલ કાર્યક્રોમોની DOCUMENTARY બહાર પાડવા માંગીએ છીએ અને બીજી એક દિલથી ઈચ્છા છે કે લત્તાબાઈ (લતા મંગેશકરને) સપ્તર્ષિના મંચ પર બોલાવવા.

'સપ્તર્ષિ'ને સદાય 'સપ્તર્ષિ'ના મંડળની જેમ ઝળહળતી રાખનાર અમરભાઈ અને ઋષિમુનિઓ જેવી કમિટીને 'સ્વરસેતુ'ના ખૂબ-ખૂબ અભિનંદન.

**આ અદબ અને આ માહોલ તો કદી મેં જોયો જ નથી!**



'સપ્તર્ષિ'ના ઝરુખે ગઝલગાયક મહેંદી હસન.

અમર પાલનપુરી કહે છે કે, વિખ્યાત ગઝલકાર મહેંદી હસનનો સુરતમાં કોઈએ પહેલી વખત કાર્યક્રમ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન તેઓ કંટાળીને ઊભા થઈ અડધેથી ચાલ્યાં ગયા હતાં. હવે 'સપ્તર્ષિ' માટે અમારે મહેંદી હસનનો કાર્યક્રમ સુરતમાં કરવો હતો. હું અને મારી પત્ની મિનુ મહેંદી હસન પાસે પહોંચ્યા. તેણે અમને સુરતમાં કાર્યક્રમ આપવા માટે ના પાડી દીધી. સંગીતકાર કલ્યાણજીભાઈએ મહેંદી હસનને અમારો પરિચય કરાવ્યો. આ સાથે મહેંદી હસન 'સપ્તર્ષિ' માટે કાર્યક્રમ આપવા રાજી થયા અને સુરત પણ આવ્યા. કાર્યક્રમ પૂરો થયા પછી મહેંદી હસને મને પૂછ્યું કે ભાઈ હું પહેલાં ક્યાં આવ્યો હતો? આ અદબ અને આ માહોલ તો કદી મેં જોયો જ નથી! આ પછી ગઝલ ગાયક ગુલામઅલીએ પણ એ જ વાત લંડનના આલ્બર્ટ હૉલમાં દોહરાવી કે મહેફિલની અદબ 'સપ્તર્ષિ' જેવી મેં ક્યાય જોઈ નથી. મનહર ઉધ્ધાસે તો ત્યાં સુધી કહ્યું કે મુસલમાનો મક્કા જાય, હિન્દુ કાશીએ જાય અને કોઈ નવો ગાયક જ્યાં સુધી સપ્તર્ષિના તખ્તાને સ્પર્શતો નથી ત્યાં સુધી તેની કલા સફળ થતી નથી. અહીં ગાયા પછી તેને પાછું વળીને જોવાની જરૂર નથી.



▲ તુષાર શુક્લ

# નામ આપણું ગુજરાતી અને ગ્લોબલ છે સરનામું




૧ લી મે ૧૯૬૦
ગુજરાત રાજ્યની સ્થાપનાને થયાં ૫૩ વર્ષ. વીતેલાં વર્ષોમાં ગુજરાત ગૌરવ-ગાન રૂપે આપણને ઘણાં ગીત મળ્યાં.

વીર કવિ નર્મદે લલકાર્યું, 'જય જય ગરવી ગુજરાત'. એ પછી કવિ અરદેશર ફરામજી ખબરદારે અમર પંક્તિઓ આપી, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'. બચુભાઈ રાવતે લખ્યું, 'ભરતભૂમિની ગુણવંતી લઘુ પૂણ્યવતી રસભૂમિ'/
સત્યાગ્રહની કર્મભૂમિ તું, ઝઝૂમીએ જહીં ઘૂમી/
જયગાન ગજવતાં માત/તુજને વંદન, જય ગુજરાત.'

કવિ ચીમનલાલ ભટ્ટે લખ્યુંઃ
'ભારતમાની હૃદયનંદીની
સુજલા સુફલા અમીરસ ઝરણી
તુજ સેવા, અમ સ્વર્ગ- નિસરણી
દિવ્ય દેશ ગુજરાત, નમન તવ ચરણે.'

કવિ કલ્યાણજી એ પૂછ્યું,
'અરે ઓ ઓજસના અંબાર
ભરતો મા, તારા ભંડાર
ગજવશે જગમાં જય જયકાર
ગુર્જરી, કોણ કહે કંગાળ?'

કવિ ન્હાનાલાલે ગાયું,
'ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ
એમણે જ અપેક્ષા સેવી,'
'હિન્દમાતાની લાડીલી બાળ,
ગુર્જરી, જય જય તવ ચિરકાળ.'

ગુર્જરવંદના કરવામાં ગઝલ પણ જોડાઈ છે. જનાબ શૂન્ય પાલનપુરી કહે છેઃ
'વિશ્વને રોશન કરી ગઈ દીપીકા ગુજરાતની
સૂર્ય પણ જોતો રહ્યો જ્યોતિકલા ગુજરાતની
ચંદ્ર ને સૂરજ રટે છે રાત દી', જય સોમનાથ
કાળના હૈયે જડી છે અસ્મિતા ગુજરાતની.'
ગુજરાત રાજ્યની સ્થાપના સમયે આપણી પાસે હતી ગરવા ભૂતકાળની યશગાથા અને સોનેરી ભાવિની કલ્પના. ગુજરાતી વિશ્વપ્રવાસી રહ્યા છે.'

ન્હાનાલાલે કહ્યુંઃ

'ખંડ ખંડ વિસ્તરતો હિન્દી મહાસાગર મહારેલ
તીર તીર જઈ સ્થાપી ગુર્જરી સંસ્થાઓની વેલ.
મહાસાગરના પૃથ્વી વિશાળ
સરોવર કીધાં, ગુર્જરી બાળ'
ગુજરાતીઓની આ ધગશ ધીરજ, ખંત, જોમ, જુસ્સાને વધાવતા કવિ ઉમાશંકર જોશીએ કહ્યું,' 'એ તો કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી' આજે હવે ગુજરાતીની વિકાસયાત્રા વિશ્વ સમસ્તના નકશા પર પોતાનો વિજયધ્વજ લ્હેરાવી રહી છે. અને આ વિજય, યુદ્ધો લડીને નહિ, 'સહુ જન મંગલ' ઝંખીને એને સાકાર કરતા મેળવ્યો છે.

આજે ગુજરાતી જ્યાં જ્યાં ગયા છે ત્યાં એમણે જે તે પ્રદેશના સંસ્કારને ય અપનાવ્યા છે. રીત-રિવાજ અને તહેવારોથી ય અળગમો નથી રાખ્યો. ક્યાંક તો પોતાની ઓળખ પણ ઓગાળી. પણ આમ છતાં, એ

સંપૂર્ણ ન ઓગળી, કેટલુંક ગુજરાતીપણું એમણે નથી છોડ્યું, તો એમનું કેટલુંક જે તે પ્રદેશના મૂળનિવાસીઓને ય આજે આકર્ષી શક્યું છે. હવે સંસ્કૃતિઓનો સંઘર્ષ નથી, સહિયારી સુગંધ છે. પરદેશની ધરતી પર જઈ વસેલા ગુજરાતી પરિવારોના બાળકો ત્યાં જ જન્મ્યાં છે. ઉછર્યાં છે, ભણ્યાગણ્યાને પરણ્યાં પણ છે. એમનો ગુજરાત સાથેનો સંબંધ બહુ ઘનિષ્ટ નથી. એ હવે જ્યાંના છે ત્યાંના જ છે. દાદા-દાદી કે મમ્મી-પપ્પાનું ગુજરાતીપણું એમનામાં સ્વાભાવિક જ પ્રમાણમાં ઓછું ઉતર્યું છે. એમાંના થોડાક ગુજરાતી બોલે-સમજે છે. વાંચવા-લખવાનું એમને બહુ ન બને એ સમજી શકાય છે. ક્યાંક આ ગુજરાતીપણું સાચવવાના પ્રયત્નો આગ્રહ-હઠાગ્રહ બનીને સંઘર્ષનું રૂપ ધરે છે. ક્યાંક સમજદારીભર્યો સ્વીકાર મધ્યમ માર્ગ બન્યો છે. ગુજરાતી ભોજન રસ, વસ્ત્ર-અલંકાર, તહેવારોની ઉજવણી હજી આકર્ષે છે. ક્યાંક ધર્મ-ધાર્મિકતા સાચવવાની મથામણો ય ચાલે છે. વિદેશમાં વસતા ગુજરાતીઓમાં હવે એક નવો વર્ગ પણ ઉમેરાયો છે, એ છે નજીકના ભૂતકાળમાં અહીં ભણીને ત્યાં જઈ વસેલા યુવા-ગુજરાતીઓનો અને આ પ્રવાહ હજી ય ચાલુ જ છે. આ એવા ગુજરાતીઓ છે કે જેમણે 'નવા ગુજરાત'ને જોયું-જાણ્યું છે. 'ગ્લોબલ-વાઈબ્રન્ટ સ્વર્ણિમ ગુજરાત'ના નવા રૂપરંગથી આ યુવા વર્ગ પરિચિત છે. હવે એક નવું ગુજરાત આકાર લઈ રહ્યું છે, જેને પરદેશ ગમે છે, પણ એનાથી અંજાતું નથી. ત્યાંનાં જીવનની ગુણવત્તા ગમે છે, પણ અહીંની જીવનશૈલીનું આકર્ષણ રહે છે. હવે દીકરીઓ વિદેશ પરણવા ઉત્સુક નથી રહી. ગ્રીનકાર્ડનું ઘેલું નથી. પરદેશમાં કઠોર પરિશ્રમનો વિકલ્પ નથી. અલબત્ત, રૂપિયા સામે મોંઘો ડોલર કે પાઉન્ડ મન મોહે છે અને એ કમાવા મહેનત કરવાનું ગમે છે. ધ્યાન ખેંચનારી વાત એ છે કે, શ્રમનું ગૌરવ કરવાનો ગાંધી વિચાર વિદેશે અપનાવ્યો એટલો આપણે નથી સ્વીકાર્યો. પોતાના બાળકોના માસ્ટર ડીગ્રી કે એથી ય વધુ અભ્યાસ પૂર્ણ કરવા અહીં મમ્મી-પપ્પા પોતાની જવાબદારી ગણે છે. ત્યાં, શાળા અભ્યાસ પૂર્ણ થતાં જ 'ગ્રેજ્યુએશન-પાર્ટી' ઉજવાય છે. અને વિદ્યાર્થી પોતાના પગ પર ઊભા રહેવા બહાર પડે છે. નવા ગુજરાતનો ગુજરાતી 'બ્રાન્ડેડ' વસ્તુઓના વપરાશમાં આધૂનિક બન્યો છે, પણ સ્વાશ્રયનો આ મહિમા એને હજી સ્વીકાર્ય નથી. ત્યાં જઈ વસેલા કેટલાંક ગુજરાતી પરિવારોમાં બે સંસ્કૃતિ વચ્ચેનો સંઘર્ષ સપાટી પર આવી રહ્યો છે અને ચિંતા સર્જી રહ્યો છે ત્યારે કેટલાય કોઠાડાહ્યાં ગુજરાતીઓએ બદલાવને સ્વીકારી ય લીધો છે. રસ પડે એવી વાત એ છે કે જ્યાં આવી સમજણ છે ત્યાં બંને પેઢી એકમેકનો સ્વીકાર કરે છે. વડીલો અને યુવાનો બંને 'ડાન્સપાર્ટી' ય આનંદે છે અને ગરબાના તાલે ઘૂમે છે. કેટલાક સમજદર લોકો, ગુજરાતી વાતાવરણ રચાય એવા આયોજનો કરતા રહે છે. 'ચાલો ગુજરાત' જેવા ભવ્ય આયોજન દ્વારા સુનીલ નાયક અને સાથીઓ આવા પ્રયત્નમાં સફળ પણ થઈ રહ્યા છે.

**ગુજરાતી જ્યાં ગયા છે ત્યાં એમણે જે તે પ્રદેશના સંસ્કારને ય અપનાવ્યા છે. રીત-રિવાજ અને તહેવારોથી ય અળગમો નથી રાખ્યો. ગુજરાતીપણું એમણે નથી છોડ્યું, તો એમનું કેટલુંક જે તે પ્રદેશના મૂળનિવાસીઓને ય આજે આકર્ષી શક્યું છે. હવે સંસ્કૃતિઓને સંઘર્ષ નથી, સહિયારી સુગંધ છે.**


વિદેશની ધરતી પર ગુજરાતી નાટકો સફળતાપૂર્વક ભજવાય છે. એ જ રીતે ગુજરાતી ગીતો, ડાયરા પણ રંગત જમાવે છે. લોકગીત -સંગીતની પકડ સવિશેષ છે, પણ ગુજરાતી સુગમસંગીત અને કાવ્યસંગીતના ય પોતાના શ્રોતા છે. નિયમિત રૂપે વિદેશની ધરતી પર કાર્યક્રમો રજૂ કરનારા કલાકારો આપણા 'સંસ્કાર દૂત' રૂપે સક્રિય છે. જૂના લોકપ્રિય ગીતોની સાથે આ ક્ષેત્રે નવી કવિતાના સસ્વર ગાનને માણનારો મર્યાદિત વર્ગ પણ ત્યાં છે જ. 'ટહુકો.કોમ' અને અન્ય અનેક વેબસાઈટ પર ઉપલબ્ધ જૂન-નવા ગુજરાતી ગીતોને વિદેશી ધરતી પર વસનારા ગુજરાતી ભાવકો માણતા રહે છે. માતૃભાષા ગુજરાતીની આપણે ત્યાં જે સ્થિતિ છે એ જોતાં ત્યાં સામા વ્હેણે તરવાનું બને એ સહજ છે. પરંતુ આમ તરનારા ય છે જ, ને એમને પ્રોત્સાહિત કરનારા ય છે, ત્યારે વિદેશની ધરતી પર, નવા ગુજરાતની વંદના કરતાં એક ગીતથી સમાપન કરું.

**અમે સૌ ગુજરાતી, વિશ્વની મહાજાતિ**
**મુલાયમ હૈયું છે, વજ્રની છે છાતી**
**ખંતથી ઉભા થયા, ખમીરથી ઊભા હશું.**
**વિકાસને શિખર ચડી, ગગનને ચૂમી જશું.**
**જગત આ જોઈ રહ્યું, વિકાસનો અવસર**
**બન્યું ગુજરાત હવે વિકસતા વિશ્વનું ઘર**
**સદીઓ વીતી ગઈ, સદીઓ વીતી જશે**
**જીત્યા છે ગુજરાતી, ગુજરાતી જીતી જશે.**
**ગર્વ નથી, ગૌરવ છે ચોક્કસ, હું ગુજરાતી છું.**

# DAVE'S NONI & JUICE PVT. LTD.

**Benefits Of Regular Use Of Dave's Noni**

- Rejuvenates The Body
- Revitalises The Cells
- Restores Energy
- Relieves Pain
- Reduces Inflammation
- Releases Stress
- Purifies Blood
- Stimulates Immune System
- Improves Digestion
- Enhances Well Being
- Regulates Cell Function
- An Effective Anti-oxidant
- Protects You From Toxins And Pollutants
- Reduces The Risk Of Developing Cancer
- Improves The Memory And Concentration
- Inhibits Tumor Growth
- Reduces Chances Of Premature On Set Of Age-related Diseases Such As Arthritis, Heart Disease, Diabetes & Stroke.
- Protects Against Viral And Bacterial Strain That Have Become Anti-biotic Resistant Etc.




**Age Group 20 Years And Above, Useful For Man & Women**

| Fruit | Product Name | Packaging Size | Specification |
|---|---|---|---|
| Noni | Dave's Noni | 500 / 1000 ml | Packed in PET Bottle |

**SOLE DISTRIBUTORS REQUIRED FOR :-**

**Domestic & International Market**

Contact Us :-
+91 78786 06669
Email :-
marketing@davesnoni.com






**Corporate Office :**
306, 3rd Floor, Third Eye-2, Opp. Parimal Garden,
C.G.Road,
Ahmedabad-380006. Gujarat (INDIA)

**www.davesnoni.com**

# ડીડી ગિરનાર શિરોમણિ ઍવોર્ડ અર્પણ કરાયા



ગિરનાર નાટ્ય શિરોમણિ ઍવોર્ડઃ અર્ચન ત્રિવેદી



ગિરનાર સાહિત્ય શિરોમણિ ઍવોર્ડઃ કવિ રાજેન્દ્ર શુક્લ



ગિરનાર સંગીત શિરોમણિ ઍવોર્ડઃ ગૌરાંગ વ્યાસ



ગિરનાર પત્રકાર શિરોમણિ ઍવોર્ડઃ અજય ઉમટ



ગિરનાર ખેલ શિરોમણિ ઍવોર્ડઃ દિનેશ ભીલ



ગિરનાર લોકકલા શિરોમણિ ઍવોર્ડઃ ભારતી વ્યાસ

અમદાવાદ દૂરદર્શન અને ડીડી ગુજરાત દ્વારા ગુજરાતના નવરત્નો તેમજ લાઇફ ટાઇમ અચિવમેન્ટ આપતો ગિરનાર શિરોમણિ પુરસ્કાર કાર્યક્રમ તારીખ ૨૦મી એપ્રિલ ૨૦૧૩ના રોજ અમદાવાદના જયશંકર સુંદરી હૉલ ખાતે યોજાઈ ગયો.

સન્માન સમારંભમાં પદ્મશ્રી કરસન પટેલને ઉદ્યોગ શિરોમણિ, અર્ચન ત્રિવેદીને નાટ્ય શિરોમણી, હિતેનકુમારને ચલચિત્ર શિરોમણિ, રાજેન્દ્ર શુક્લને સાહિત્ય શિરોમણિ, ગૌરાંગ વ્યાસને સંગીત શિરોમણિ, અજય ઉમટને પત્રકાર શિરોમણિ, મિત્તલ પટેલને સેવા શિરોમણિ, દિનેશ ભીલને ખેલ શિરોમણિ, ભારતી વ્યાસને લોકકલા શિરોમણિ ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુવિખ્યાત કિડની સર્જન અને કિડની ઇન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ.એચ.એલ ત્રિવેદી તેમજ સમારંભના પ્રમુખ તરીકે રમત–ગમત યુવાસેવા અને સાંસ્કૃતિક વિભાગ ગુજરાત રાજ્યના સચિવ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યાં હતા. દૂરદર્શન ઉપમહાનિદેશક (કાર્યક્રમ) શિવાજી કુલસુંદરે 'જળ એ જ જીવન–જળ બચાવો' થીમ પર સંપૂર્ણપણે કાર્યક્રમ કેન્દ્રિત કર્યો છે, એમ જણાવી જળ બચાવવાની અપીલ કરી હતી. ડૉ.એચ.એલ ત્રિવેદી, ભાગ્યેશ જહા તેમજ એસ.બી.આઈના મહાપ્રબંધક રવિ પ્રકાશે દીપ પ્રાગટ્ય કરી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃપા ત્રિવેદી અને હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદીએ સંભાળ્યું હતું.

# ગુજરાતી સાહિત્યને દેશની તમામ ભાષામાં પ્રસિદ્ધ કરવું જોઈએઃ નરેન્દ્ર મોદી




તસવીરઃ મયુર ભટ્ટ

ગુજરાતમાં ૫૩માં સ્થાપનાદિન નિમિત્તે ૧ મે થી ૭ મે દરમિયાન યુનિવર્સિટી કન્વેશન સેન્ટર ખાતે અમદાવાદ નેશનલ બુક ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બુકફેરનું ઉદ્દ્ઘાટન કરતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ગુજરાતના બાળકોથી માંડીને યુવાનો ટીવી અને વિડીયો ગેમ્સને બદલે સાહિત્ય તરફ રૂચિ કેળવે તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ થવો જોઈએ. ઈ–લાઈબ્રેરી તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત દ્વિતીય રાષ્ટ્રીય પુસ્તકમેળાનો પ્રારંભ કરાવતાં નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું કે, આઈટી ટેક્નોલોજીના કારણે લાખો પુસ્તકો આંગળીના ટેરવે મળતા થઈ રહ્યાં છે તો બાળકોને બાળસાહિત્ય તરફ રસ પેદા થાય તે માટે વિડીયો ગેમ્સના માધ્યમને ઉપયોગમાં લેવા સોફ્ટવેર ઈજનેરો આગળ આવે તે જરૂરી છે. ગુજરાતી સાહિત્યને દેશની તમામ ભાષામાં પ્રસિદ્ધ કરવું જોઈએ જેથી તમામ ભારતીયો પણ તળ ગુજરાતી સાહિત્ય વિશે જાણી શકે તેમાં ડિજિટલાઈજેશનની ટેક્નોલોજી કામ લાગી શકે.

આ પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભુતપૂર્વ પ્રમુખ અને મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા મુખ્ય અતિથિ રહ્યાં હતાં. તેમણે જણાવ્યું કે, પુસ્તકોનું સ્થાન આપણાં જીવનમાં અનન્ય છે જેમ 'સ્થાન દેવતાભ્યો નમઃ' છે તેમ પુસ્તક દેવતાભ્યો નમઃ પણ હોવું જોઈએ. તેઓએ ટીવીનું આક્રમણ વધી ગયું છે ત્યારે બાળકો અને મહિલાઓ વાચન તરફ ધ્યાન આપે તેવું સૂચન કર્યું હતું. ઉમેર્યું હતું કે, વાચક પુસ્તક સુધી ન પહોંચી શકે તો પુસ્તકને વાચક સુધી પહોંચાડવા માટે આવા પુસ્તકમેળા ખૂબ ઉપયોગી બનશે. અમદાવાદના નવા વરાયેલ મેયર મીનાક્ષીબહેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતુ અને પુસ્તકમેળા અંગે માહિતી આપી હતી. ◻


વાચનમાં પણ હવે ડિજિટલાઈજેશનની ટેક્નોલોજી


પુસ્તકપ્રેમીને રસપૂર્વક સાંભળતા નરેન્દ્ર મોદી

## સૌમ્ય જોશીને 'ચંદ્રવદન મહેતા' ઍવોર્ડ એનાયત

જાણીતા નાટ્યકાર, દિગ્દર્શક અને નાટ્યલેખક સૌમ્ય જોશીને ૬ એપ્રિલ ૨૦૧૩ના શનિવારે અમદાવાદ ખાતે વિશ્વકોશ ભવનમાં ધીરુભાઇ ઠાકરના હસ્તે પ્રસિદ્ધ નાટ્યકાર ચંદ્રવદન ચી. મહેતાની સ્મૃતિમાં અપાતો ચંદ્રવદન મહેતા ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો. ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ દ્વારા નાટ્યલેખન માટે આ ઍવોર્ડ આપવામાં આવે છે. આ પ્રસંગે કુમારપાળ દેસાઇએ ચંદ્રવદન મહેતાની જન્મશતાબ્દી પ્રસંગે શરૂ થયેલા આ ઍવોર્ડની સંસ્થાએ એકત્ર કરેલા ચંદ્રવદનના તમામ પુસ્તકોની તેમજ ચંદ્રવદન મહેતાને મળેલા સ્મૃતિ ચિન્હના વિશ્વકોશભવનમાં કરવામાં આવેલા સંગ્રહની વાત કરી હતી.



સૌમ્ય જોશીને ઍવોર્ડ એનાયત કરતાં ધીરુભાઇ ઠાકરે જણાવ્યું કે ચંદ્રવદન એ ગુજરાતી સાહિત્યનું સુખદ આશ્ચર્ય છે. એમની પાસેથી સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક, ચરિત્રાત્મક, ચિંતનાત્મક, પ્રહસન, ટ્રેજેડી, કોમેડી, રેડિયોરૂપક, અનુવાદ, રૂપાંતર, ઉટપટાંગ, ગદ્યપદ્યાત્મક જેવાં ભાતભાતનાં રંગબેરંગી નાટકો આપીને ગુજરાતી ભાષા, સાહિત્ય અને રંગભૂમિને તેમણે ન્યાલ કરી દીધાં છે. આજે નવી પેઢીના આ નાટ્યકારનું સન્માન એ ચંદ્રવદનના વારસાનું સન્માન છે.

સૌમ્ય જોશીએ પોતાના પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સામાન્ય રીતે આવા કાર્યક્રમોમાં મને મૂંઝવણ થતી હોય છે, પરંતુ આ ઍવોર્ડ ચંદ્રવદન મહેતાના નામ સાથે જોડાયેલા છે અને ધીરુભાઇ ઠાકરના હસ્તે મળે છે તેનો મને આનંદ છે.

## ભગવતીકુમાર શર્માને નર્મદ ચંદ્રક અર્પણ કરાયો



ભગવતીકુમાર શર્મા

નર્મદ સાહિત્ય સભા દ્વારા છેલ્લા બાર વર્ષથી જેમણે સાહિત્યના બધા જ ક્ષેત્રમાં કામ કર્યું હોય એવા સાહિત્યકારોને 'નર્મદ ચંદ્રક' એનાયત કરવામાં આવે છે. આ વર્ષે આત્મકથા અને જીવન ચરિત્ર વિભાગમાં જાણીતા સાહિત્યકાર ભગવતીકુમાર શર્માની આત્મકથા 'સુરત મુજ ઘાયલ ભૂમિ'ને વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને ભાગ્યેશ જહાના હસ્તે સુરત ખાતે નર્મદ ચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભગવતીકુમાર શર્માએ કહ્યું કે, ગુજરાતીમાં વર્ષો પહેલા રણજીતરામ ચંદ્રક પ્રતિષ્ઠિત ઍવોર્ડ હતો. એ પછી બીજા ક્રમે નર્મદ ચંદ્રક આવતો. ઊંચી હરોળમાં સર્જકોને આ ઍવોર્ડ મળ્યા છે એ હરોળમાં મારો સમાવેશ થયો છે એનો ખૂબ આનંદ છે. આ કાર્યક્રમમાં ભાગ્યેશ જહાએ સંસ્કૃતમાં વકતવ્ય આપ્યું. એમણે કહ્યું કે, તાપીમાં તરતું તપ અને સુરતનું સત એટલે ભગવતીકુમાર શર્મા. કપિલદેવ શુક્લએ ભગવતીકુમાર શર્માની આત્મકથાના અંશનું પઠન કર્યું હતું. ગૌરાંગ ઠાકર અને પ્રભા વશીએ તેમની કવિતાઓનું પઠન કર્યું હતું.

## મંજુ મહેતાને પંડિત જસરાજ સંગીતરત્ન ઍવોર્ડ



સપ્તકના ટ્રસ્ટી અને કો-ફાઉન્ડર મંજુ મહેતાને તેમના સિતારવાદનના ક્ષેત્રમાં મેળવેલી નોંધપાત્ર સિદ્ધિઓ બદલ મુંબઈ ખાતે સંગીતરત્ન ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ઇમેજ વેલફેર એચીવર્સ ફોરમ મુંબઈ અને યુએસએ દ્વારા આ રાષ્ટ્રીય કક્ષાએ આ ઍવોર્ડ એનાયત કરાય છે. શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રના ઘરાના પરંપરામાં સિદ્ધિ માટેનો આ ઍવોર્ડ સંગીત પંડિત જસરાજના નામ પરથી આપવામાં આવતો હોવાથી આ ઍવોર્ડને પં.જસરાજ સંગીતરત્ન ઍવોર્ડ નામ અપાયું છે. મંજુ મહેતાને સાંસ્કૃતિક ક્ષેત્રે ભારતની સમૃદ્ધિમાં પ્રદાન બદલ આ ઍવોર્ડથી સન્માનિત કરાયા છે.

# અસ્મિતા પર્વમાં કલાકારોનું બહુમાન કરાયું



કૈલાસ લલિતકલા ઍવોર્ડઃ પ્રાણલાલ પટેલ



હનુમંત ઍવોર્ડઃ એલ.સુબ્રમણ્યમ



હનુમંત ઍવોર્ડઃ ઉસ્તાદ રશીદખાં



હનુમંત ઍવોર્ડઃ ઉમા શર્મા



હનુમંત ઍવોર્ડઃ ઉમયલપુરમ કે. શિવરામન

મોરારિબાપુની નિશ્રામાં મહુવા કૈલાસ ગુરુકુળ ખાતે ૨૨થી ૨૫ એપ્રિલ દરમિયાન અસ્મિતા પર્વ–૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાહિત્ય સંગોષ્ઠી કાવ્યાયન અને સંગીત– નૃત્ય મહોત્સવના કાર્યક્રમો સાથે ઍવોર્ડ અર્પણવિધિ પણ કરવામાં આવી હતી. જેમાં છબિકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં પ્રાણલાલ પટેલને કૈલાસ લલિતકલા ઍવોર્ડ, શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં પંડિત. એલ. સુબ્રમણ્યમ (વાયોલીન), ઉસ્તાદ રાશીદખાં (શાસ્ત્રીય કંઠ્યગાન), સુશ્રી.ઉમા શર્મા (શાસ્ત્રીય નૃત્ય–કથક), વિદ્વાન ઉમયલપુરમ કે. શિવરામન (મૃદંગ)ને હનુમંત ઍવોર્ડ પણ અર્પણ કરાયા. જ્યારે અભિનયક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં સુશ્રી. દામિની મહેતા– ગુજરાતી લોકનાટ્ય (ભવાઈ), સુશ્રી વનલતા મહેતા– ગુજરાતી (રંગભૂમિ), કંવલજીત સિંઘ–(ભારતીય ટેલીવિઝન શ્રેણી), પ્રાણ–(ભારતીય ફિલ્મ)ને નટરાજ ઍવોર્ડ અર્પણ કરાયા હતાં.


*Hetal's*
*Yog Clinic*

BRTS બસ સ્ટેન્ડની સામે, પંજાબ નેશનલ બેંકની ઉપર,
બીકાનેર વાળાની બાજુમાં, નહેરૂનગર, અમદાવાદ.
મો. 940 828 5358

- ગુજરાતનું એક માત્ર સ્થળ જ્યાં પૂનાનાં યોગાચાર્ય શ્રી બી.કે.એસ. આયંગર પ્રેરીત - સાધનોની મદદથી આસન પ્રાણાયામ કરાવવામાં આવે છે.
- ઉપરાંત Food અને Life Style વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. આ વિશિષ્ટ સાધનો સાથે ખાત્રીથી ચરબી ઘટે છે. એકવાર ઘટી ગયા પછી ફરીવાર વધતી નથી.
- સ્થૂળતા (Obesity) ઘણાં બધા રોગ થવાનું મૂળ કારણ છે. જેમ કે હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ, કોલેસ્ટ્રોલ નું વધવુ, ડાયાબીટીસ, કીડનીની સમસ્યા, સાંધાના દુઃખાવા વગેરે....
- *Hetal's Yog Clinic* માં નાડીનું પરીક્ષણ કરીને તકલીફનું મૂળ કારણ શોધીને માત્ર આસન પ્રાણાયામ, ધ્યાન અને રીલેક્સેશન થી અને વૈજ્ઞાનિક સમજ સાથે તકલીફ દૂર કરાય છે.

સમય સવારે 6-30 થી 9-30 સાંજે 5-00 થી 7-00

## અમદાવાદ શહેરનાં માર્ગોને અપાયા દિગ્ગજ કલાકારોના નામ







અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરનાં દિગ્ગજ કલાકર રાસબિહારી દેસાઈ તેમજ દિલીપ ધોળકિયાની સ્મૃતિને જીવંત રાખવા 'સંગીતકાર રાસબિહારી દેસાઈ ચૉક' તથા 'પીઢ સંગીતજ્ઞ દિલીપ ધોળકિયા માર્ગ' નામાભિધાન કરવામાં આવ્યું. તારીખ ૨૪ એપ્રિલ બુધવારના સાંજે માનનીય મેયર હસિત વોરાએ શહેરના કલાકારોની તથા અન્ય નગરજનોની ઉપસ્થિતિમાં અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતી સંગીતના સેતુરૂપ પદ્મશ્રી અવિનાશ વ્યાસ ચૉક ઉપર જઈને પણ સૌએ ફૂલ-હાર અર્પણ કર્યા હતા. વસ્ત્રાપુર તળાવથી માનસી ચાર રસ્તા તરફ જતા માર્ગને 'પીઢ સંગીતજ્ઞ દિલીપ ધોળકિયા માર્ગ' અને ગુજરાત કોલેજ અને ઈન્ડર રેસીડન્સી પરના જંકશન પરના ચૉકને 'સંગીતકાર રાસબિહારી દેસાઈ ચૉક' નામાભિધાન કરવામા આવ્યું હતું. મેયરશ્રી હસિત વોરા અને અમદાવાદ કોર્પોરેશનને આ પ્રસંગે ખૂબ-ખૂબ અભિનંદન.

### અંજલિ

## તુમ્હારી યાદ સતાયેગી...

૫૦-૬૦ના દાયકામાં પોતાના મખમલી અવાજથી લોકોના દિલોદિમાગ પર રાજ કરનારા શમશાદ બેગમનું ૨૩ એપ્રિલ, મંગળવારના રોજ પવઈ ખાતે ૯૪ વર્ષની વયે નિધન થયું. ૧૩ વર્ષની ઉંમરે પહેલીવાર રેડિયો પર ગીત ગાનારાં આ ગાયિકાની લોકપ્રિયતાનો અંદાજ એ વાતે લાગે છે કે ૫૦થી ૬૦ દાયકા દરમિયાન તેમનાં ગીતો રેડિયો પર ગલી ગલી ગૂંજતા હતા.

૧૯૪૪માં શમશાદ મુંબઈ આવ્યા. ત્યારથી તેમનાં સદાબહાર ફિલ્મી સંગીતની શરૂઆત થઈ. ૧૯૪૦થી ૧૯૫૦ના દાયકામાં સી. રામચંદ્ર, નૌશાદ, ઓ.પી. નૈયર માટે તેમણ ગીતો ગાયાં પરંતુ તેમની



ઓળખ સૌથી અલગ રહી. તેમનાં ગાનમાં ખાસ પ્રકારની સુંવાળપ હતી. તેમના અવાજની ખનક અને ગૂંજ જ તેમની વિશેષતા હતી.

### શમશાદ બેગમના કેટલાંક યાદગાર ગીતો...

- સૈયા દિલમેં આના રે...
- લે કે પહેલા પહલા પ્યાર...
- કજરા મહોબ્બત વાલા...
- તેરી મહેફિલમેં કિસ્મત...
- રેશમી સલવાર કુર્તા...
- કભી આર કભી પાર, લાગા...
- કહીં પે નિગાહેં, કહીં પે...
- હોલી આઈ રે કન્હાઈ...
- મેરે પિયા ગયે રંગૂન...
- દુઃખ ભરે દિન બીતે...




**૧ જૂનઃ ધૈવત જોશીપુરા** (ઉદ્‌ઘોષક, વડોદરા)

**૧ જૂનઃ દાસ ભરતજી** (કવિ, લોકગાયક, ભાવનગર)

**૧જૂનઃ શ્યામ મકવાણા** (લોકગાયક, ભાવનગર)

**૧ જૂનઃ અશોક કાલાણી** (ચિત્રકાર, ભાવનગર)

**૧ જૂનઃ રશીદ મીર** (કવિ, ગઝલકાર, વડોદરા)

**૨ જૂનઃ વિક્રમ રાઠોડ** (ચિત્રકાર, ભાવનગર)

**૨ જૂનઃ ઈલીયા રાજા** (સંગીતકાર, ચેન્નાઈ)

**૨ જૂનઃ સ્નેહલ શેવડે** (ગાયક, અમદાવાદ)

**૨ જૂનઃ પ્રજ્ઞા વશી** (કવયિત્રી, સુરત)

**3 જૂનઃ હિરેન વૈષ્ણવ** (ગાયક, ભાવનગર)

**3 જૂનઃ અર્ચિતા મહેતા**
(નૃત્ય કલાકાર–કથ્થક, ભાવનગર)

**3 જૂનઃ વિશ્વનાથ બાટુંગે** (ગાયક, અમદાવાદ)

**૪ જૂનઃ રન્નાદે શાહ** (લેખિકા, અમદાવાદ)

**૪ જૂનઃ હરબંસ પટેલ 'તન્હા'** (કવિ, આણંદ)

**૪ જૂનઃ એસ.પી. બાલા સુબ્રમણ્યમ** (ગાયક, મુંબઇ)

**૫ જૂનઃ વીજુ શાહ** (સંગીતકાર, મુંબઇ)

**૫ જૂનઃ સુરેશ વિરાણી** (કવિ, સુરત)

**૬ જૂનઃ પ્રીતિ સાગર** (ગાયિકા, મુંબઇ)

**૭ જૂનઃ સંજય ભાવે** (લેખક, અમદાવાદ)

**૭ જૂનઃ ઉષા ઉપાધ્યાય** (કવયિત્રી, લેખિકા, અમદાવાદ)

**૧૦ જૂનઃ યામિની વ્યાસ** (કવયિત્રી, સુરત)

**૧૦ જૂનઃ રૂપકુમાર રાઠોડ** (ગાયક, મુંબઇ)

**૧3 જૂનઃ દિપાલી સોમૈયા** (ગાયિકા, મુંબઇ)

**૧3 જૂનઃ દેવયાની ઓઝા** (ગાયિકા, ભાવનગર)

**૧3 જૂનઃ હિરલ બ્રહ્મભટ્ટ** (ગાયિકા, અમદાવાદ)

**૧૪ જૂનઃ પ્રીતમ** (સંગીતકાર, મુંબઈ)

**૧૫ જૂનઃ જિતેન્દ્ર ઠક્કર**
(ટીવી અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૧૬ જૂનઃ આમ્રપાલી દેસાઈ** (રેડિયો ઉદ્‌ઘોષક, સુરત)

**૧૮ જૂનઃ રસિક દવે** (અભિનેતા, મુંબઇ)

**૧૯ જૂનઃ રાજેશ જોહરી** (કવિ, સંગીતકાર, મુંબઇ)

**૧૯ જૂનઃ સરૂપ ધ્રુવ** (કવિ, અમદાવાદ)

**૧૯ જૂનઃ પી. ખરસાણી** (અભિનેતા, અમદાવાદ)

**૨૦ જૂનઃ મહેન્દ્ર મેઘાણી** (સાહિત્યકાર, ભાવનગર)

**૨૧ જૂનઃ નિરંજન મહેતા** (નાટ્ય અભિનેતા, મુંબઈ)

**૨૧ જૂનઃ કૌસ્તુભ ત્રિવેદી** (નાટ્યકાર, મુંબઈ)

**૨૧ જૂનઃ કૃતિકા દેસાઈ** (અભિનેત્રી, મુંબઈ)

**૨૨ જૂનઃ પંડિત રોનુ મજુમદાર**
(વાદક કલાકાર–બાંસુરી, મુંબઈ)

**૨૨ જૂનઃ આશિતા લિમયે** (ગાયિકા, વડોદરા)

**૨૪ જૂનઃ ભાવેશ ઠાકર**
(વાદક કલાકાર–ઓકટાપેડ, રીધમબોક્ષ, અમદાવાદ)

**૨૫ જૂનઃ સતીશ શાહ** (અભિનેતા, મુંબઈ)

**૨૫ જૂનઃ રિશીન સરૈયા**
(વાદક કલાકાર–તબલા, અમદાવાદ)

**૨૬ જૂનઃ હર્ષદ ચંદારાણા** (કવિ, અમરેલી)

**૨૭ જૂનઃ વીનેશ અંતાણી** (સાહિત્યકાર, અમદાવાદ)

**૨૭ જૂનઃ નીતિન મુકેશ** (ગાયક, મુંબઈ)

**૨૮ જૂનઃ આશિત દેસાઇ** (ગાયક, મુંબઈ)

**૨૯ જૂનઃ તુષાર શુક્લ** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

**૨૯ જૂનઃ વિક્રમ પાટીલ**
(વાદક કલાકાર–તબલા, વડોદરા)

**૨૯ જૂનઃ આસ્થા તાહમણકર**
(નાટ્ય અભિનેત્રી, મુંબઈ)


# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...





- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ**




સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું...........................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-..........................................................................................................

સરનામું :-.......................................................................................................

.................................................................................................................

ટેલિફોન નંબર :-.............................મોબાઈલ નંબર :-.............................ઈ-મેઈલ :-.............................

ચેક/ડી.ડી નંબર :-.............................બેંક :-.............................................તારીખ :-.......................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.



સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.

"Registered under RNI No. GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. GAMC 1833/2012 - 2014 Valid Up to 31/12/2014. Published on dated 10th . Posted on every month.

